CMYK CMYK

RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !


www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૯૮૭૯૫૯૯૪૦૦, ફોન : ૮૭૫૮૭૫૫૫૨૨

● સંવત ૨૦૮૨ અષાઢ સુદ -૩ શુક્રવાર તા.૧૭-૦૭-૨૦૨૬ અંક : ૩૧૧ વર્ષ : ૨૩ e-mail : sauaajtak@gmail.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# અમદાવાદના રસ્તાઓ જય જગન્નાથના નાદથી ગુંજી ઉઠ્યા



## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પરંપરાગત પહિંદની વિધિ કરી રથયાત્રાને પ્રસ્થાન કરાવ્યું, કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહ પરિવાર સાથે હાજર રહ્યાં





અમદાવાદ,

ભગવાન જગન્નાથની રથયાત્રા આજે વહેલી સવારે જમાલપુર જગન્નાથ મંદિરેથી નિકળ્યી હતી આ પહેલા સવારે ૪ વાગે ભગવાન જગન્નાથની મંગળા આરતી કરવામાં આવી હતી આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહ પરિવાર સાથે હાજર રહ્યાં હતાં મંગળા આરતી બાદ ભગવાનને વિશિષ્ટ ખીચડાનો ભોગ ધરાવવામાં આવ્યા હતાં અને ત્યારબાદ ભગવાન જગન્નાથ,ભાઇ બલરામ અને બેન સુભદ્રાજીને રથામાં બિરાજમાન કરવામાં આવ્યા હતાં ત્યાર બાદ સાત વાગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પરંપરાગત પહિંદની વિધિ કરી રથયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું આ યાત્રામાં સૌથી પહેલા ગજરાજ હતાં ત્યારબાદ ટ્રકો હતી આ યાત્રા દરિયાપુર પહોંચી ત્યારે અમી છાંટણા થતાં ભકતોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો

આ વખતે હાથીઓને પગમાં સાંકળો બાંધીને લાવવામાં આવ્યા હતા, અને ખાડિયા પહોંચતાની સાથે જ લોકોને રસ્તા પરથી દૂર કરવામાં આવ્યા હતા. ગયા વર્ષે, રથયાત્રા દરમિયાન ત્રણ હાથીઓ બેકાબૂ થઈ ગયા હતા.રથયાત્રામાં મોટી સંખ્યામાં ભકતો ઉમટી પડયા હતાં.રથયાત્રાની સાથે સાથે અખાડા,ભજન મંડળીઓ જોડાઇ હતી રથયાત્રાનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યા હતાં. ભગવાન જગન્નાથજીના મોસાળ સરસપુરમાં નાથના આગમન પૂર્વે જ હજારોની સંખ્યામાં ભક્તો સરસપુરના માર્ગો અને મંદિરોમાં પહોંચી ગયા હતાં અને અહીં ભકતો પ્રસાદ લીધો હતો જયારે અહીં ભગવાનનું મામેરૂ ભરવામાં આવ્યું હતું

રથયાત્રામાં સામેલ વિવિધ અખાડાના કાફલાઓએ ખાડિયાની સાંકડી અને ઐતિહાસિક શેરીઓમાં અખાડાના મલ્લો અને યુવાનોએ એકથી એક ચડિયાતા હેરતઅંગેજ કરતબો અને કસરતના દાવ બતાવીને સ્થાનિકોને રોમાંચિત કરી દીધા હતાં યાત્રામાં સામાજિક જાગૃતિ અને ધાર્મિક ઝાંખીઓ દર્શાવતા રંગબેરંગી ટેબ્લો જોવા મળ્યા હતાં ભગવાન જગન્નાથની રથયાત્રા દરમિયાન ગજરાજ વિધિવત રીતે સરસપુર પહોંચ્યા હતા, જયારે રાયપૂર ચકલાના અખાડાઓ પણ ત્યાં આવી પહોંચ્યા હતા. મહંત દિલીપદાસજી મહારાજ અને ટ્રસ્ટીઓએ ત્યાં પહોંચીને ભગવાન રણછોડરાયજીની ભાવપૂર્વક આરતી ઉતારી હતી. આ ઉત્સવમાં સામેલ થવા આવનાર હજારો લોકો માટે ગરમીમાં રાહત રહે તે હેતુથી શરબત અને પીવાના પાણીની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી . ભીડને નિયંત્રિત કરવા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પોલીસ વિભાગ દ્વારા સમગ્ર વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો ઘરની ગેલેરીઓમાં ઉભેલા શ્રદ્ધાળુઓ 'જય રણછોડ, માખણ ચોર' ના ગગનભેદી નારા લગાવી રહ્યા હતાં ઢાળની પોળથી ખાડિયા જતા રસ્તે રોડની બંને બાજુ લોકો દર્શન કરવા ઊભા રહ્યા હતાં

રથયાત્રાના રૂટ પર આગળ વધી રહેલી ભવ્ય ટ્રકોમાંથી જ્યારે ભક્તો પર પવિત્ર મગ, જાંબુ અને ચોકલેટના પ્રસાદનો વરસાદ કરવામાં આવ્યા હતો ત્યારે તેને ઝીલી લેવા માટે અબાલ-વૃદ્ધ સૌ કોઈમાં ભારે પડાપડી કરી હતી પ્રભુના આશીર્વાદ સ્વરૂપ આ પ્રસાદનો એક નાનો ટુકડો પણ મળી જાય તો પોતાને ધન્ય માનતા શ્રદ્ધાળુઓ હાથ લંબાવીને હરખભેર પ્રસાદ સ્વીકારી રહ્યા હતાં વાતાવરણમાં ભક્તિની સાથે બાળકો અને મોટેરાઓનો કિલ્લોલ ભળી ગયો હતો અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા દરમિયાન ભારે ગરમી અને અસહ્ય બફારાને ધ્યાનમાં રાખીને ભક્તો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર રથયાત્રા માર્ગ પર વિવિધ સ્થળોએ પાણીના ફૂવારા દ્વારા સતત પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે, જેથી દર્શનાર્થીઓને ગરમીમાંથી રાહત મળી રહે. મોટી સંખ્યામાં ઉમટી પડેલા ભક્તોએ પણ આ વ્યવસ્થાનું સ્વાગત કર્યું હતું. ભક્તિ અને સેવાના અનોખા સમન્વય સાથે રથયાત્રામાં ગરમી સામે રાહત આપતો આ પ્રયાસ સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

### રથયાત્રાના દિવસે અમદાવાદમાં અમીછાંટણા

ભગવાન જગન્નાથજીની ૧૪૯મી ઐતિહાસિક અને પૌરાણિક રથયાત્રા આજે ગુરુવાર, ૧૬ જુલાઈના રોજ અમદાવાદના જમાલપુર સ્થિત જગન્નાથ મંદિરેથી ભક્તિભાવ વચ્ચે નીકળી હતી અષાઢી બીજના પવિત્ર અવસરે વર્ષમાં એકવાર ભગવાન જગન્નાથ, ભાઈ બળભદ્ર અને બહેન સુભદ્રાજી નગરચર્યાએ નીકળીને લાખો ભક્તોને દર્શન આપ્યા છે આ વર્ષે પણ રથયાત્રાને લઈને શહેરમાં ભક્તિનો માહોલ છવાયો હતો રથયાત્રાના દિવસે વરસાદી માહોલ જોવા મળ્યા હતાં આજે બપોર બાદ અમદાવાદના બોપલ, ચાંદખેડા, સાબરમતી, વાડજ વિસ્તારમાં પણ વરસાદ પડ્યો હતો,

### ગજરાજોની સાથે જ ચાલતા જોવા મળ્યાં મહંત દિલીપદાસજી, રથયાત્રામાં પહેલા ક્યારેય ન થયું હોય તેવું બન્યું!

ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા ભક્તિ, પરંપરા અને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થાની વચ્ચે ભવ્ય રીતે સંપન્ન થઇ છે આ વર્ષની રથયાત્રામાં સૌથી વધુ ચર્ચાનો વિષય ૧૮ ગજરાજ અને તેમની સુરક્ષા માટે અપનાવવામાં આવેલી નવી રણનીતિ બની છે. ગયા વર્ષે એક ગજરાજ બેકાબૂ બન્યાની ઘટનાને ધ્યાનમાં રાખીને આ વખતે અનેક મહત્વપૂર્ણ ફેરફારો કરવામાં આવ્યા છે, જે અગાઉ ક્યારેય જોવા મળ્યા નહોતા. રથયાત્રામાં સૌથી આગળ ૧૮ ગજરાજ આગેવાની કરી રહ્યા હતાં આ વખતે મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ ગજરાજોની સાથે અગ્રભાગમાં ચાલતા જોવા મળ્યા હતા. ખાસ વાત એ છે કે પરંપરાગત સ્વાગત કાર્યક્રમોમાં રોકાયા વગર તેઓ સીધા રથયાત્રા સાથે આગળ વધતા રહ્યા હતા.

ગયા વર્ષની ઘટનાને ધ્યાનમાં રાખીને આ વર્ષે ગજરાજોને શાંત અને નિયંત્રણમાં રાખવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. હાથીઓના પગમાં સુરક્ષાત્મક સાંકળ (બેડી) બાંધવામાં આવી છે તેમજ તેમની સાથે અનુભવી મહાવતોની ટીમ સતત તૈનાત રાખવામાં આવી હતી આ ઉપરાંત ગજરાજોની આસપાસ કોઈ બેન્ડબાજા વગાડવામાં આવતા ન હતાં અને ફટાકડા પણ ફોડવામાં આવ્યા ન હતાં જેથી મોટા અવાજના કારણે હાથીઓ ગભરાય ન હતાં

આ વર્ષની રથયાત્રામાં વધુ એક મહત્વપૂર્ણ ફેરફાર જોવા મળ્યો. અગાઉની જેમ ગજરાજ પર અન્ય કોઈ વ્યક્તિને બેસાડવામાં આવી નથી. માત્ર તેમના મહાવત જ હાથી પર સવાર થયા હતા. સુરક્ષાને પ્રાથમિકતા આપતા આ નિર્ણયને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝા પણ આ વખતે રથયાત્રામાં પગપાળા જોડાયા હતા. બીજી તરફ, રથયાત્રાના સમગ્ર માર્ગ પર રસ્તાની બંને બાજુ મોટી સંખ્યામાં ભક્તો ભગવાન જગન્નાથજીના દર્શન માટે આતુરતાપૂર્વક ઉભા રહ્યા હતા. "જય જગન્નાથ"ના ગગનભેદી નાદ વચ્ચે સમગ્ર શહેર ભક્તિમય બની ગયું હતું અને રથયાત્રાના ભવ્ય દ્રશ્યો આસ્થા અને પરંપરાનો અનોખો સંગમ રજૂ કરી રહ્યા હતા.

### અમદાવાદ શહેરની રથયાત્રાની સાથે.. સાથે..

અમદાવાદ શહેરમાંથી ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રા નિકળી હતી આ રથયાત્રાના પાવન અવસર પર એક કરુણ ઘટના સામે આવી છે. રથયાત્રામાં ભાગ લેવા માટે લાવવામાં આવેલી 'લક્ષ્મી' નામની હાથણીનું વહેલી સવારે અગમ્ય કારણોસર મોત થતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. જે ગજરાજના આગમનથી રથયાત્રામાં ઉત્સાહ અને ભક્તિનો માહોલ સર્જાયો હતો, તે જ ગજરાજના અચાનક નિધનથી આયોજકો અને ભાવિકો સ્તબ્ધ બની ગયા છે.

હાથણીના મોતનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી. ઘટનાની જાણ થતાં તંત્રે તપાસ શરૂ કરી છે અને મોત પાછળનું સાચું કારણ જાણવા માટે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ, 'લક્ષ્મી'ના નિધનથી ભાવિકોમાં પણ ભારે દુઃખની લાગણી જોવા મળી રહી છે.

આયોજકોએ હાથણીની દફનવિધિ સન્માનપૂર્વક કરવાની તૈયારી હાથ ધરી હતી તેની યાદમાં ગણેશ મંદિર બનાવવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે, જેથી 'લક્ષ્મી'ની સ્મૃતિ ચિરંજીવ રહી શકે.

## જગન્નાથપુરીમાં ભક્તોનું ઘોડાપુર




ઓડિશાના પુરીમાં જગપ્રસિદ્ધ ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો ગુરુવારથી ભક્તિભાવપૂર્વક પ્રારંભ થયો છે.ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાના રથોને જ્યારે ૧૨મી સદીના મુખ્ય મંદિરથી બહાર કાઢવામાં આવી રહ્યા હતા, ત્યારે તેમને જોવા માટે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. પરંપરાગત વાદ્યો, શંખનાદ અને ઝાંઝ-પખવાજના નાદ સાથે ભગવાનની યાત્રા શરૂ થઈ હતી. સૌપ્રથમ ચક્રરાજ સુદર્શનને રથ પર બિરાજમાન કરાયા હતા અને ત્યારબાદ દેવી સુભદ્રા તથા ભગવાન જગન્નાથના રથોને પ્રસ્થાન કરાવાયા હતા. આ સમયે સમગ્ર પુરી 'જય જગન્નાથ'ના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું.

## ભાવનગરની ૪૧મી રથયાત્રા, ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ભગવાન નગરચર્યાએ નિકળ્યા

### કેબિનેટ કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી, કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેન બાંભણીયા, સાધુ સંતોની ઉપસ્થિતિમાં રથને પ્રસ્થાન કરાવવામાં આવ્યું

ભાવનગર,

ભાવનગર શહેરમાં આજે આસ્થા અને ભક્તિનો અનેરો ઉત્સવ જોવા મળ્યો હતો, જ્યાં પરંપરાગત રીતે ૪૧મી ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારના સુમારે પહિંદ વિધિ સંપન્ન થયા બાદ મંત્રીઓ અને સાધુ-સંતોની વિશેષ ઉપસ્થિતિમાં રથને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ વર્ષે સુરક્ષા વ્યવસ્થાને ખાસ પ્રાધાન્ય આપીને ડ્રોન સર્વેલન્સ અને ૪ હજાર જેટલા પોલીસ જવાનોના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્રજી નગરચર્યાએ નીકળ્યા હતા. 'જય રણછોડ, માખણચોર'ના ગગનભેદી નાદ સાથે શહેરના ૧૭.૫ કિલોમીટર લાંબા રૂટ પર ભક્તો ભગવાનના દર્શન કરી ધન્ય બન્યા હતા.

ગુજરાતની બીજા નંબરની ભગવાન જગન્નાથજીની રથયાત્રા ભાવનગરમાં નીકળે છે.૪૧ મી ભાવનગરની રથયાત્રાને પગલે સવારમાં પહિંદ વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે કેબિનેટ કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી, કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેન બાંભણીયા સહિત સાધુ સંતો-મહંતોની ઉપસ્થિતિમાં રથને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.


ભાવનગર સુભાષનગર જગન્નાથ મંદિરેથી સવારે રથને પ્રસ્થાન કરાવતા ઉપસ્થિત નાગરીકોએ "જય જય જગન્નાથ", "હાથી, ઘોડા, પાલકી, 'જય કનૈયા લાલ કી'"ના નાદ સાથે રથનો પ્રારંભ કર્યો હતો. રથમાં ભગવાન જગન્નાથજી, ભાઇ બલભદ્રજી અને બહેન સુભદ્રાજી સાથે રથ શહેરના ૧૭.૫ કિલોમીટરના પરંપરાગત માર્ગ ઉપર નગરચર્યાએ નીકળ્યા હતા. સુભાષનગર નિજ મંદિરેથી દોરડા વડે રથને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

રથયાત્રાને માજી સૈનિકોએ સલામી આપીને પ્રારંભ કરાવ્યો હતો. ત્યારબાદ અવનવા ફ્લોટ્સ સાથે રથયાત્રામાં ટ્રકો, ટ્રેકટર જોડાયા હતા. રથયાત્રામાં પ્રથમ અખાડા વાળા બાદમાં છકડા,ટ્રેકટર અને બાદમાં ટ્રકો ૬૦ જોડાયા હતા. રથયાત્રાનો પ્રારંભ થતા માર્ગ ઉપર ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ભગવાનના દર્શન માટે મોટી સંખ્યામાં લોકો માર્ગ પર ઉભા રહીને રાહ જોઈને અંતમાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ માર્ગમાં છાશ વિતરણ,પાણી વિતરણ અને સરબત વિતરણ ઠેકઠેકાણે કરવામાં આવ્યું હતું.

રથયાત્રામાં પોલીસ કાફલો મોટી સંખ્યામાં જોડાયો હતો. આશરે ૪ હજાર પોલીસ તૈનાત કરવામાં આવી છે.



## ન્યુઝીલેન્ડમાં ૬. ૩ ની તીવ્રતાનો ભૂકંપ, સુનામીની ચેતવણી આપવામાં આવી



નવીદિલ્હી,

ન્યુઝીલેન્ડના ટાપુ પર ગુરુવારે રિક્ટર સ્કેલ પર ૬.૩ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. અધિકારીઓએ સુનામીની ચેતવણી જારી કરી છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ અનાઉ શહેરથી લગભગ ૪૦ કિલોમીટર ઉત્તરમાં હતું, જે પ્રખ્યાત પર્યટન સ્થળ ફિઓર્ડલેન્ડનું પ્રવેશદ્વાર માનવામાં આવે છે.

ન્યુઝીલેન્ડની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન એજન્સીએ લોકોને દરિયાકિનારા અને દરિયાકાંઠાના વિસ્તારોથી દૂર રહેવા વિનંતી કરી છે. જોકે પ્રારંભિક માહિતી છે કે કોઈ મોટું નુકસાન કે જાનહાનિ નોંધાઈ નથી. જયારે અમેરિકી જીઓલોજિકલ સર્વેક્ષણ અને જર્મનીના જીઓસાયન્સ રિસર્ચ સેન્ટરએ ભૂકંપની તીવ્રતા ૫.૯ હોવાનું નોંધ્યું છે. બંને એજન્સીઓના જણાવ્યા અનુસાર ભૂકંપનું કેન્દ્ર ૫૦ કિલોમીટરથી વધુ ઊંડાઈએ હતું.

## ભાજપની સંસદીય બોર્ડથી લઇને મંત્રીમંડળમાં મોટા ફેરફારની અટકળો

### દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપ અધ્યક્ષ નિતિન નવીન વચ્ચે એક અત્યંત મહત્વની બેઠક યોજાઈ

નવીદિલ્હી,

ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીને હવે એક વર્ષથી પણ ઓછો સમય બાકી છે ત્યારે પક્ષના રાષ્ટ્રીય હોદ્દેદારોની સંખ્યા ૪૫ થી વધારીને ૬૦ કરવા સહિતના અનેક મહત્વના પ્રસ્તાવો પર ગંભીર વિચારણા ચાલી રહી છે. ભાજપ અધ્યક્ષ નિતિન નવીનની આગેવાની હેઠળ આ નવી હાઈટેક અને યુવા ટીમની જાહેરાત આગામી દિવસોમાં ગમે ત્યારે થઈ શકે છે. આગામી સમયમાં ચૂંટણીઓને ધ્યાને લઈને આ ફેરફારો જરૂરી બની ગયા છે. ગુજરાતમાં આજે કમલમમાં અમિત શાહ સરકાર અને સંગઠનના નેતાઓ સાથે બેઠક કરી રહ્યાં છે ત્યારે ચર્ચા એ છે કે ગુજરાતમાં પણ કંઈક અલગ થવાનું છે. દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપ અધ્યક્ષ નિતિન નવીન વચ્ચે એક અત્યંત મહત્વની બેઠક યોજાઈ છે. આ હાઈલેવલ બેઠક બાદ પક્ષના હોદ્દેદારોની નવી યાદી અને કેન્દ્રીય મંત્રીમંડળમાં સંભવિત ફેરબદલને લઈને અટકળો તેજ થઈ ગઈ છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, નિતિન નવીનના નેતૃત્વમાં નવી ટીમની જાહેરાત ખૂબ જ ટૂંક સમયમાં કરવામાં આવશે. આ પહેલા જૂન મહિનાની શરૂઆતમાં પણ પીએમ મોદીએ પક્ષના ટોચના નેતાઓ સાથે આવી જ એક હાઈલેવલ બેઠક કરી હતી.રિપોર્ટ્સ અનુસાર, હાલના વર્ષોમાં દેશભરમાં ભાજપનો વ્યાપ અને વિસ્તાર ખૂબ જ વધ્યો છે, પરંતુ તેની સામે પક્ષના સંગઠનાત્મક માળખામાં જરૂરી ફેરફારો કરવામાં આવ્યા નથી. લાંબા સમયથી એક જ માળખું ચાલતું હોવાને કારણે પક્ષના હાઈકમાન્ડ અને ટોચના નેતૃત્વ પર કામનું ભારે દબાણ ઊભું થયું છે. આથી, આગામી સમયની રાજકીય જરૂરિયાતોને પહોંચી વળવા માટે નવી રાષ્ટ્રીય ટીમ અને કેબિનેટમાં ફેરબદલની પ્રક્રિયા અનિવાર્ય બની ગઈ છે.

## નવા વર્ષના દિવસે ધ્રૂજી ઉઠી કચ્છની ધરા, ત્રણ મિનિટમાં ભૂકંપના બે આંચકા અનુભવાયા

ભુજ,

ભૂકંપના લધે હંમેશા ન્યૂઝમાં રહેતો ગુજરાતનો સહરદી જિલ્લો કચ્છ હાલ ફરી એકવાર ધ્રૂજી ઉઠ્યો છે. આજે અઢાષી બીજ એટલે કે કચ્છી લોકોના નવા વર્ષના પાવન પર્વે ઠેર ઠેર રથયાત્રા યોજાઈ રહી છે, તે વચ્ચે કચ્છમાં માત્ર ત્રણ મિનિટના અંતરે બે ભૂકંપના આંચકા નોંધાતા સ્થાનિકોમાં ભયનો માહોલ છવાયો છે. બપોરના સમયે કચ્છનાં ખાવડા અને ધોળાવીરામાં ૩મી તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવતાં સ્થાનિક લોકો થોડા ગભરાઈ ગયા છે.

મળતી માહિતી મુજબ, આજે ૧૬મી જુલાઈને ગુરુવારે અષાઢી બીજના કચ્છી લોકોના નવા વર્ષે કચ્છમાં ત્રણ મિનિટમાં બે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનો પ્રથમ આંચકો બપોરે ૨:૨૦ વાગ્યે ખાવડા નજીક ૩.૬ની તીવ્રતાનો નોંધાયો હતો. બપોરના દિવસે અચાનક ખાવડાની ધરા ધ્રૂરતા સ્થાનિક લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા અને થોડી ક્ષણો માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

CMYK CMYK

# જય રણછોડ માખણચોર : રાજકોટમાં જગન્નાથજી નગરચર્યાએ: નગરજનોમાં અનન્ય ઉલ્લાસ

### ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાનો નાનામવા ખાતે આવેલા જગન્નાથજી મંદિરેથી પ્રારંભ થયો હતો. સવારે રાજકોટના રાજવી માંધાતાસિંહ જાડેજાના હસ્તે પહિંદવિધી કરવામાં આવી હતી










રાજકોટ

અષાઢી બીજ નિમિતે રાજકોટ શહેરમાં જુદી-જુદી રથયાત્રાઓ યોજાઈ હતી. જેમાં નાનામૌવાથી નીકળેલી રથયાત્રામાં હજારો ભાવિકો જોડાયા હતા. 'જય રણછોડ માખણચોર'નો નાદ ગુંજી ઉઠ્યો હતો. જેમાં રાજવી માંધાતાસિંહનાં હસ્તે પહિંદવિધિ કરાઈ હતી. જ્યારે સાંસદ પુરુષોત્તમ રૂપાલા, મેયર ડો.નેહલ શુક્લ તેમજ ધારાસભ્ય રમેશ ટીલાળા સહિતનાં આગેવાનો હાજર રહ્યા હતા. સવારે ૮.૩૦ વાગ્યે આ રથયાત્રાનું પ્રસ્થાન થયું હતું. જે દિવસભર ૨૨ કિમીના રૂટમાં શહેરના મુખ્ય વિસ્તારોમાં ફરશે અને ભગવાન નગરચર્યા નીકળ્યા છે.

આ તકે કૈલાશધામ આશ્રમ જગન્નાથ મંદિરના મહંત ત્યાગી મનમોહનદાસે કહ્યું હતું કે, ભગવાન જગન્નાથની આ રથયાત્રાનાં રથની વિશેષતા છે કે, તેમાં પ્રથમ રથમાં બલભદ્ર, બીજા રથમાં સુભદ્રાજી અને ત્રીજા રથમાં ભગવાન જગન્નનાથ બિરાજમાન થયા છે. જે ભાવિકો મંદિર આવતા નથી તેમને ભગવાન સામે ચાલીને દર્શન આપે છે. ભગવાનના દર્શન માત્રથી લોકોનું જીવન મંગલમય અને સુખમય બની જાય છે. ભગવાન જ્યારે નગરચર્યાએ નીકળે ત્યારે આ રથને સ્પર્શ કરે તે લોકોનું પણ કલ્યાણ થઈ જાય છે. જો રથના દોરડા ખેંચે તેના હાથની અશુભ રેખાઓ શુભ રેખામાં પરિવર્તન પામે છે. રથમાં ભગવાનનું દિવ્ય રૂપ જોવા મળે છે.મહંત ત્યાગી મનમોહનદાસે વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લા ૧૯ વર્ષથી આ રથયાત્રા યોજાય છે. રથની ઉપર પંચરંગી ધ્વજા હોય છે. ધ્વજા લહેરાય એટલે લોકોના જીવનમાં સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. ભગવાનની અસીમ કૃપાથી આ વર્ષે રથયાત્રા યોજાઈ છે. તેમજ અત્યાર સુધીમાં એક પણ વિઘ્ન આવ્યું નથી. બધા જ રાજકોટવાસીઓ પર ભગવાન કૃપાદ્રષ્ટિ રાખે તેવી પ્રાર્થના છે. રથયાત્રાનો ૨૨ કિલોમીટરનો રૂટ છે અને નિજ મંદિરમાં ભગવાન પરત આવે ત્યારે મહાઆરતી કરવામાં આવશે. બધી જ જગ્યાએ રથયાત્રા થાય છે. પરંતુ રાજકોટની રથયાત્રાની વિશેષતા એ છે કે, તેમાં સાધુ-સંતો અને લોકો કરતબો દેખાડી રહ્યા છે. રથયાત્રાને લઈ શહેર પોલીસ દ્વારા સુરક્ષા સંબંધી પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે. આ થયાત્રાના રૂટ ઉપરની દરેક નાની-મોટી હિલચાલ ઉપર તીક્ષ્ણ નજર રાખવામાં આવી. આ સુરક્ષા વ્યવસ્થામાં 4 DCP, 6 ACP, 23 PI અને 91 PSIની સાથે ૯૦૦ પોલીસ કર્મચારીઓ જોડાયા છે. આ ઉપરાંત હોમગાર્ડ, SRP અને TRBના જવાનો સહિત ૧૮૦૦થી વધુ સુરક્ષાકર્મીઓનો લોખંડી કાફલો તહેનાત કરવામાં આવ્યો છે. લોકલ પોલીસ ઉપરાંત ક્રાઈમ બ્રાન્ચ, જીંઃ અને સાયબર ક્રાઈમ પોલીસની ટીમો પણ બંદોબસ્તમાં સામેલ છે.

# વિંછિયાના હિંગોળગઢ નજીક વીડી વિસ્તારમાં દારૂનું કટીંગ સમયે રૂરલ એલસીબી ત્રાટકી

### રૂ. ૨૫.૬૦ લાખનો દારૂ જપ્ત : ગંધ આવી જતાં બુટલેગરો દારૂ મૂકી નાસી ગયા



રાજકોટ.

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં દારૂની હેરાફેરી યેનકેન પ્રકારે વધી રહી છે ત્યારે વિંછીયા પોલીસે થોડાં સમય પહેલા જ કરોડોનો દારૂ પકડ્યા બાદ વિંછિયા પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાંથી રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમે રૂ. ૨૫.૬૦ લાખનો રેઢો દારૂનો જથ્થો ઝડપી લીધો છે.

એલસીબીની ટીમે હિંગોળગઢથી ગુંદાળા તરફ જતા રસ્તે વીડી વિસ્તારમાં ૩,૭૩૨ બોટલ (૩૧૧ પેટી) દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. જોકે પોલીસ પહોંચે તે પૂર્વે જ દારૂના જથ્થાની હેરફેર કરનાર શખસો અહીંથી નાસી ગયા હતા. પોલીસે હાલ રૂ.૨૫.૬૦ લાખનો દારૂનો આ જથ્થો કબજે કરી અહીં દારૂનો જથ્થો ઉતારનાર શખસોને શોધી કાઢવા તપાસ હાથ કરી છે.

દરોડાની વિગતો મુજબ રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા જિલ્લામાં દારૂ- જુગારની પ્રવૃત્તિઓ શોધી કાઢી તેને નાબૂદ કરવા અસરકારક પગલા ભરવાની આપેલ સુચનાથી રૂરલ એલસીબી પીઆઇ જે.પી.રાવની રાહબરી હેઠળ ટીમ જસદણ પંથકમાં પેટ્રોલિંગમાં હતી.

તે દરમિયાન બાતમી મળી હતી કે, હિંગોળગઢ પાસે દારૂનો મોટો જથ્થો ઉતારવામાં આવ્યો છે. જેથી પોલીસની ટીમ તાકીદે હિંગોળગઢથી ગુંદાળા તરફ જતા રસ્તે વીડી વિસ્તારમાં દરોડો પાડ્યો હતો.પોલીસના દરોડા દરમિયાન વીડી વિસ્તારમાં રૂ.૨૫,૬૦,૧૫૨ ની કિંમતનો ૩,૭૩૨ બોટલ દારૂનો જથ્થો રેઢીયાળ હાલતમાં મળી આવ્યો હતો. જેથી પોલીસે દારૂનો આ જથ્થો કબજે કરી દારૂનો જથ્થો અહીં ઉતારનાર અને દારૂની હેરફેરમાં સામેલ અન્ય શખ્સોને શોધી કાઢવા તપાસ હાથ ધરી છે. હાલ આ અંગે વીંછિયા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.દારૂના દરોડાની આ કામગીરીમાં એલસીબી પીએસઆઈ એચ.સી. ગોહિલ, કે.એમ. ચાવડા, આર.વી. ભીમાણી, પી.એન.ભરવાડ, એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અમિતસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ બાબરીયા, જીતેન્દ્રભાઈ ગોહિલ, વાઘાભાઈ આલ, રસિકભાઈ જમોડ, કોન્સ્ટેબલ અમિતદાન સુરૂ, અશોકભાઈ ડાંગર, કાળુભાઈ ધાધલ, ભાવેશભાઈ મકવાણા સાથે રહ્યા હતાં.

# પોરબંદર ડબલ મર્ડર કેસના ફરાર પેરોલ જમ્પ કેદીને રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની ટીમે દબોચ્યો



રાજકોટ,

રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે વચગાળાના જામીન પરથી ફરાર થઈ ગયેલા એક કુખ્યાત આરોપીને ઝડપી પાડીને મોટી સફળતા મેળવી છે. પકડાયેલો આરોપી પોરબંદર જિલ્લાના રાણાવાવ પોલીસ સ્ટેશનના ડબલ મર્ડર કેસમાં સંડોવાયેલો હતો અને રાજકોટ મધ્યસ્થ જેલમાં સજા કાપી રહ્યો હતો. પકડાયેલા કેદીનું નામ વિજય ઉર્ફે વિજય રામદેવભાઈ મોઢવાડીયા, ઉ.વ. ૩૮ છે. તે આદિત્યાણા, તા. રાણાવાવ, જી. પોરબંદરનો રહેવાસી છે. આરોપી વચગાળાના જામીન પર છૂટ્યા બાદ પરત જેલમાં હાજર ન થતા તેને "પેરોલ જમ્પ" જાહેર કરવામાં આવ્યો હતો.આરોપી વિરુદ્ધ રાણાવ પો.સ્ટે.માં કુલ ૫ ગુના નોંધાયેલા છે. જેમાં સૌથી ગંભીર ૨ ગુના ડબલ મર્ડર, મારામારી અને ધાકધમકીના ગુના નોધાયા છે. પોલીસ ઈન્સ્પેક્ટર કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ એસ.બી. ધાસુરા અને પેરોલ ફર્લો સ્કવોડની ટીમે આરોપીની હિલચાલ પર નજર રાખી હતી. હ્યુમન સોર્સ અને ટેકનિકલ એનાલિસિસના આધારે ટીમને માહિતી મળી કે આરોપી બોટાદ જિલ્લાના પાળીયાદ વિસ્તારમાં છુપાયેલો છે. ટીમે તાત્કાલિક દરોડો પાડીને આરોપીને ઝડપી પાડ્યો. કાયદેસરની કાર્યવાહી બાદ તેને ફરીથી રાજકોટ મધ્યસ્થ જેલમાં સોંપી દેવામાં આવ્યો છે.

આ કામગીરી પી.આઈ.કે.કે. ગોહિલ, પી.એસ.આઈ. એસ.બી. ધાસુરા, સ્ટાફના ઝાલરભાઈ ખફીક, ધર્મેન્દ્રસિંહ ઝાલા, રાજદીપસિંહ ગોહિલએ કરી હતી.

# ભાવનગર-સોમનાથ હાઈવે ઉપર આવેલ રાજુલાનાં ભેરાઈ ચોકડી બ્રિજ ઉપર મસમોટી તિરાડ પડી

### ટ્રાફિકથી ધમધમતા માર્ગ ઉપર મસમોટી તિરાડ પડી જતાં વાહનચાલકોમાં પણ ચિંતાનો માહોલ



અમરેલી:

રાજુલા નજીકથી પસાર થઈ રહેલ ભાવનગર-સોમનાથ વચ્ચેનાં નેશનલ હાઈવે ઉપર ભેરાઈ ચોકડીએ આવેલ બ્રિજ ઉપર ભારે વરસાદ બાદ મસમોટી તિરાડ પડી જતાં વાહનચાલકોમાં ચિંતાનો માહોલ ઉભો થયો હોય. નેશનલ હાઈવે વિભાગનાં અધિકારીઓ મસમોટી તિરાડ કયાં કારણોસર પડી છે તે અંગે તપાસ કરીને જનતા સમક્ષ નિવેદન કરવું જોઈએ.

એક તરફ દેશભરમાં જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી વિશાળ માર્ગો, આધુનિક પુલોનું નિર્માણ કાર્ય થઈ રહ્યું છે અને સરકારનાં પ્રતિનિધિઓ સ્પેશ ટેકનોલોજી નિર્માણ કાર્ય થઈ રહ્યું છે તેમજ ભ્રષ્ટાચાર વિહિન કાર્ય થતું હોવાનો દાવો કરી રહ્યા છે. પરંતુ, દેશનાં અનેક નેશનલ હાઈવેથી લઈને ગ્રામ્ય કક્ષાનાં માર્ગો સામાન્યવરસાદ પણ સહન કરી શકતા નથી અને સરકારનાં દાવાની પોલ અવારનવાર ખુલી થઈ રહી છે.

દરમિયાનમાં ભેરાઈ ચોકડી બ્રિજ ઉપર તિરાડ પડવા પાછળ જો ભ્રષ્ટાચાર હોય તો કસુરવાન બાંધકામ એજન્સી અને બેદરકાર અધિકારી સામે કાર્યવાહી કરવી જોઈએ. જો અન્ય કોઈ પણ કારણ હોય તો તેની પણ જાણકારી જનતાને આપવી જોઈએ કારણ કે આ કાર્ય જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી થયું હોવાથી જનતાને ખરી હકીકત જાણવાનો અધિકાર છે.

# અમરેલી જિલ્લાના લાલાવદર ખાતે રૂા. ૨૫.૮૫ કરોડના ખર્ચે આધુનિક સ્પોર્ટ્સ હોસ્ટેલનું નિર્માણ થશે :

### અમરેલીના યુવા ખેલાડીઓને મળશે વિશ્વસ્તરીય સુવિધાઓ



પ્રસ્તાવિત સ્પોર્ટ્સ હોસ્ટેલમાં ૧૦૦ યુવતીઓ અને ૧૦૦ યુવકો સહિત કુલ ૨૦૦ ખેલાડીઓ માટે રહેણાંકની સુવિધા ઉપલબ્ધ થશે.

અમરેલી:

અમરેલી જિલ્લાના લાલાવદર સ્થિત જિલ્લા રમત સંકુલ ખાતે રૂા. ૨૫.૮૫ કરોડના ખર્ચે આધુનિક સ્પોર્ટ્સ હોસ્ટેલના નિર્માણ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

અમરેલીના ધારાસભ્ય અને રાજયમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાના સતત પ્રયાસો અને અનુસરણના પરિણામે આ પ્રોજેક્ટને મંજૂરી મળી હતી. ઉપરાંત કિચન, ડાઈનિંગ એરિયા, રિક્રિએશનલ હોલ, ફાયર સેફ્ટી સિસ્ટમ, ફર્નિચર સહિતની આધુનિક સુવિધાઓ સાથે જી+૩ બિલ્ડિંગનું નિર્માણ કરવામાં આવશે.રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, "અમરેલી અને સૌરાષ્ટ્રના પ્રતિભાશાળી ખેલાડીઓને પોતાના જિલ્લામાં જ શ્રેષ્ઠ સુવિધાઓ મળે તે રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. આ સ્પોર્ટ્સ હોસ્ટેલ યુવા ખેલાડીઓને રાજય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની તૈયારી માટે મજબૂત આધાર આપશે."

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લામાં રમતગમતના માળખાકીય વિકાસને સતત વેગ આપવામાં આવી રહ્યો છે. આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી તથા રમતગમત વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી શ્રી ડૉ. જયરામભાઈ ગામિતનો સહકાર બદલ તેમણે આભાર વ્યક્ત કર્યો હતો.

# સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ હેલ્થ કોન્કલેવ એવોર્ડથી સન્માનિત



અમરેલી:

ભાવનગર જિલ્લા ના ઉમરાળા તાલુકા ના ટીમ્બિ સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી ને VTV NEWS હેલ્થ કોન્કલેવ અને એવોર્ડ-૨૦૨૬ થી સન્માનિત

તા.૬/૭/૨૦૨૬ નાં રોજ અમદાવાદ મુકામે હોટેલ ક્રાઉન પ્લાઝા માં ગુજરાત સરકારનાં આરોગ્ય વિભાગ સ્પોન્સરશીપ અંતર્ગત VTV NEWS, અભિયાન સાપ્તાહિક તથા સમભાવ ગૃપનાં સંયુક્ત ઉપક્રમે હેલ્થ કોન્કલેવ અને એવોર્ડ-૨૦૨૬ અર્પણ વિધિ કાર્યક્રમમાં સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર) ને આ એવોર્ડ ગુજરાત સરકારનાં આરોગ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયા નાં હસ્તે તેમજ ગુજરાત સરકારનાં આરોગ્ય વિભાગનાં અધિકારીશ્રીઓ તેમજ સમગ્ર રાજયનાં આરોગ્યક્ષેત્રે કાર્યરત વિશિષ્ટ મહાનુભાવોની ઉપસ્થિતીમાં હોસ્પિટલ વતિ વહીવટકર્તા ટ્રસ્ટીશ્રીઓને અર્પણ કરવામાં આવેલ છે.અત્રે ઉલ્લેખનીય છે કે આ એવોર્ડ પસંદગી માટે ગુજરાતની ટ્રસ્ટ સંચાલિત સેવાભાવી અને આરોગ્યક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી કરતી પાંચ હોસ્પિટલોની પસંદગી કરવામાં આવી હતી. જેમાં સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી આ એવોર્ડ માટે પસંદગી પામેલ છે જે આપણા સહુ માટે ગૌરવની વાત બની છે.

# રાજકોટના શાપર વેરાવળમાં ઉંધો ગેસ ચડતા યુવતીનું મોત નીપજ્યું

## રાત્રે નોનવેજની મીજબાની માણયા બાદ સવારે દહીં રોટલી ખાધી હતી : સારવારમાં મોત



રાજકોટ,
રાજકોટ શહેરની ભાગોળે આવેલા શાપર-વેરાવળમાં રહેતી યુવતીએ રાત્રે નોનવેજની મીજબાની માણયા બાદ સવારે દહીં રોટલી ખાધી હતી. ત્યારે બાદ તેની તબિયત લથડતા ઉંઘો ગેસ ચડતા સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતું.જાણવા મળતી વિગત મુજબ શાપર-વેરાવળમાં શાંતિધામ સોસાયટીમાં રહેતી પાયલ જેન્તીભાઇ મકવાણા (ઉ.વ.૨૦)નામની યુવતી આજે બપોરે પોતાના ઘરે બેભાન થઇ જતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે મરણ ગયાનુ જાહેર કર્યુ હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી શાપર પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઇ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી

.પ્રાથમિક તપાસમાં મૃતક પાયલ એક ભાઇ ચાર બહેનમાં નાની અને તેના પિતા કડીયા કામ કરતા હોવાનુ જાણવા મળ્યુ છે. પરિવારજનોના જણાવ્યા મુજબ પાયલે ગત રાત્રે નોનવેજ ખાધુ હતુ. ત્યાર બાદ આજે સવાર દહીં રોટલી ખાધા બાદ ઉંઘો ગેસ ચડતા તેની તબિયત લથડતા મોત થયુ હતું. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના નાનામવા ફાયરિંગ વિથ મર્ડરના મુખ્ય સૂત્રધારની રિમાન્ડ મંજૂર : કારતૂસ જપ્ત

## આવેશમાં આવી હત્યા કર્યાનું રટણ: હથિયાર સપ્લાય કરનાર શંકમદને ઉઠાવી લેવાયો

રાજકોટ.
રાજકોટના નાનામવા વિસ્તારમાં પૂરપાટ ઝડપે બુલેટ ચલાવવા જેવી બાબતે સગીરને ટપારતા પુત્ર મોહમાં રણજીત વાળાએ ફાયરિંગ કરી ક્ષત્રિય યુવક કૃષ્ણસિંહ જાડેજા નામના યુવાનની હત્યા કરી નાખી હતી. ચકચારી મર્ડર કેસમાં મુખ્ય આરોપી રણજીત વાળાને સિવિલ હોસ્પિટલમાંથી રજા અપાયા બાદ ક્રાઈમ બ્રાન્ચે ટ્રાન્સફર વોરંટના આધારે કબજો લઈ કોર્ટમાં રજૂ કરતા ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર થયા છે.

પોલીસની પૂછતાછ દરમિયાન પોલીસે ફાયરિંગ દરમિયાન એક ખાલી કેસ મિસિંગ હોય જે આરોપી રણજીત વાળાના અમરેલીના મોટા દેવળિયા ગામે આવેલા ઘરેથી કબજે કર્યું છે. આરોપીને બે ગેરકાયદે હથિયાર સપ્લાય કરવા બાબતે એક શકમંદને પણ ઉઠાવી લેવામાં આવ્યો છે જેની પૂછપરછ કરવામાં આવી રહી છે.બનાવ અંગે નાનામવા ગામ પાસે ટીઆરપી ગેમ ઝોનવાળા રસ્તે પૂરપાટ ઝડપે બુલેટ ચલાવવા બાબતે ક્ષત્રિય યુવાન કૃષ્ણસિંહ જાડેજાએ બે લવરમુછીયાઓને ટપારતા તેણે તેના પિતાને જાણ કરી હતી. જેથી તેના પિતા રણજીત વાળા ઘરેથી હથિયાર સાથે ધસી આવી ભડાકા કર્યા હતા જેમાં યુવાન કૃષ્ણસિંહનું મોત થતા બનાવ હત્યામાં પલટાયો હતો.

ઘટના સમયે રણજીત વાળાને પણ પગમાં એક ગોળી વાગી હોય જેથી પોલીસે તેને ઝડપી લીધા બાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જયાંથી રજા અપાયા બાદ જેલ હવાલે કરવામાં આવ્યો હતો. દરમિયાન ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.એલ. ડામોર દ્વારા આરોપીના દસ દિવસના રિમાન્ડ માંગવામાં આવ્યા હતા અદાલતે આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. જે ઘટના અંગે વિગતો આપતા ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, ફાયરિંગની ઘટના સમયે ત્રણ કેસ( કારતુસ) મળી આવ્યા હતા જ્યારે એક કેસ મળી આવ્યું ન હોય જે બાબતે આરોપી રણજીત વાળાની પૂછતાછ કર્યા બાદ આ ખાલી કેસ તેના અમરેલીના મોટા દેવળીયા ગામમાં આવેલા મકાન ખાતેથી આ કેસ કબજે કરવામાં આવ્યું છે.પોલીસે આરોપી પાસેથી બે ગેરકાયદે હથિયાર કબજે કર્યા હોય આ હથિયાર તે કોની પાસેથી લાવ્યો હતો? તે બાબતે સઘન પૂછતાછ કરતા એક શખસનુ નામ સામે આવ્યું હતું. જેથી ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે તુરંત જ આ શકમંદને પણ ઉઠાવી લીધો છે અને હાલ તેને ધનીષ્ઠ પૂછપરછ કરવામાં આવી રહી છે.ડીસીપીએ વધુમાં જણાવ્યું હતું કે, મુખ્ય આરોપી રણજીત વાળા પારિવારિક સહિતની બાબતોને લઈ સ્ટ્રેસમાં હોય દરમિયાન તેના પુત્ર તેમને ફોન કરી તેમને માર મારવામાં આવ્યો હોવાની વાત કહેતા ઉશ્કેરાઇ ઘરેથી હથિયાર લઇ અહીં પહોંચ્યો હતો અને બાદમાં ફાયરિંગ કર્યુ હતું. આરોપી રણજીત વાળા સામે વર્ષ ૨૦૧૫ અગાઉ પ્રોહીબિશનના ત્રણ અને માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં મારામારીનો એક ગુનો નોંધાઈ ચૂક્યો હોવાનું પોલીસે જણાવ્યું છે.

# રાજકોટ જીલ્લામાં જુગારના દરોડા જાહેરમાં પતા ટીંચતી બે મહિલા સહિત ૧૧ પકડાયા

રાજકોટ.
રાજકોટ જીલ્લામાં જુગારના દરોડા જાહેરમાં પતા ટીંચતી બે મહિલા સહિત ૧૧ પકડાયા હતા દરોડાની વિગત મુજબ જસદણ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે સ્ટાફને જસદણ વિંછીયા રોડ પર આવેલ શિવનગર સોસાયટીમાં જાહેરમાં અમુક શખ્સો જુગાર રમે છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી જાહેરમાં જુગાર રમતાં સુરેશ ભાનું તેરૈયા ધનશ્યામ રતીલાલ પંડયા, રાજુલ મહેન્દ્રગીરી ગોસાઇ, શીતલબેન સુરેશ તેરૈયા અને લીલાબેન બચુ સોસા (રહે. તમામ જસદણ) ને પકડી પાડી રોકડ અને મોબાઈલ મળી કુલ રૂ.૩૫૫૦૦ ની મતા કબ્જે કરી હતી.

બીજા દરોડામાં મેટોડા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે ખીરસરા ગામથી મોટા વડા ગામ તરફ જવાના રોડ પર સ્ટ્રીટ લાઈટના અંજવાળે જાહેરમાં જુગાર ધામ ધમધમી રહ્યું છે.તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી પત્તા ટીમતા રતિલાલ ઉર્ફે ચમન દેવરાજ ઝાંખલિયા, ધીરજ મનજી વાગડિયા, પ્રકાશ નારુ વણાટ, અતુલ નાથા વાગડિયા, મનીષ હિરજી ભટ્ટી, અને મુકેશ રણછોડ મકવાણા (રહે.તમામ ખીરસરા જૂના, લોધિકા) ની ધરપકડ કરી રોકડ અને મોબાઈલ મળી કુલ રૂપિયા ૫૭,૪૦૦ ની મતા જપ્ત કરી ગુનો નોંધ્યો હતો.

# રાજકોટના શીતળાધારમાં પથ્થર-ધોકાના ઘા ઝીંકી બાઈકમાં તોડફોડ : ધમકી

રાજકોટ,
રાજકોટના કોઠારીયા સોલ્વન્ટ વિસ્તારના શીતળાધારમાં બે શખ્સોએ શ્રમિક યુવાનના બાઈકમાં પથ્થર અને ધોકાના ઘા ઝીંકી રૂ?૮ હજારની નુકસાની સર્જી હતી.

બાદમાં જો તું આ બનાવ બાબતે પોલીસને જાણ કરીશ તો છૂટીને આવ્યા બાદ ધોકાના ઘા ઝીંકી તને પતાવી દઈશ તેમ ધમકી આપતાં આજીડેમ પોલીસે બે શખ્સો વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. બનાવ અંગે મૂળ બિહારના ભાગલપુરના વતની અને હાલ કોઠારીયા સોલવંટના શીતળાધાર ૨૫ વારીયામાં રહેતા ૨૧ વર્ષીય શ્રમિક ક્રિષ્ના બિપિનભાઈ પાસવાને આરોપી તરીકે તે જ વિસ્તારમાં રહેતા ગુલશન ચૌહાણ અને નંદલાલ ચૌહાણનું નામ આપી જણાવ્યું હતું કે, તે ગઈકાલે રાત્રે નવ વાગ્યે ઘર નજીક હનુમાન મંદિરે હાજર હતો અને મિત્ર દિપક મહતો બાઈક લઈને ત્યાં આવતો હતો. દરમિયાન થોડે દૂર રોડ પર બીજા બે જુના મિત્ર ગૂલશન ચૌહાણ તથા નંદલાલ ચૌહાણ બન્નેએ દિપકને ઉભો રાખી કહેવા લાગેલ કે, આ બાઈક મે અઠવાડીયા પહેલા ટ્યુબ-ટાયરનો ખર્ચ કરેલ છે જે પૈસા મને આપ. જેથી ત્યાં પહોંચી ખર્ચના રૂપિયા ઘરેથી લાવી આપી જાવ છું, તમે થોડીવાર રાહ જુઓ તેમ જણાવ્યું હતું. બાદ પૈસા લેવા ઘરે ગયો હતો. પૈસા લઈને પરત આવતા જોયુ કે, ગુલશન તથા નંદલાલ બન્ને બાઈક પર પથ્થર તથા લાકડાના ધોકા વડે બેફામ ઘા ઝીંકી નુકશાન કરતા હતા. જેથી તોડફોડ નહિ કરવાનું કહેતા બંને શખ્સો મારા મિત્ર દિપકને ગાળો આપવા લાગેલ હતા. બાદ ગુલશન કહેવા લાગેલ કે, આ બનાવ બાબતે પોલીસને ફરીયાદ કરીશ તો હુ છુટીને આવીને તને આ જ ધોકા વડે પતાવી દઈશ કહી બંને શખ્સો ત્યાથી ચાલ્યા ગયેલ હતા.થોડી વાર બાદ નંદલાલે મને ફોન કરી આ બનાવ બાબતે ફરીયાદ કરીશ તો તને જોઈ લેશુ તેમ ધમકી આપેલ હતી. બનાવમાં બાઈકમાં ટાંકી, આગળના મોરા, પાછળની લાઈટમાં આશરે રૂ?૮ હજારની નુકસાની થયેલ હોય શ્રમિક યુવાને સમગ્ર મામલે આજીડેમ પોલીસ મથકે બંને શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# રાજકોટના કોઠારિયામાં યુવાને માનસિક બીમારીથી કંટાળી આપઘાત કર્યો

## યુવાને ડીશ-વાસણ સાફ કરવાનું લિક્વીડ પી લેતાં ઝેરી અસર થતાં મોત

રાજકોટ,
રાજકોટ શહેરમાં કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં આવેલા ૨૫ વારીયા ક્વાર્ટરમાં રહેતાં વીસ વર્ષના યુવાને ડીશ-વાસણ સાફ કરવા માટે ઉપયોગમાં લેવાતું લિક્વીડ પી લેતાં ઝેરી અસર થતાં મોત થયું છે.જાણવા મળ્યા મુજબ કોઠારીયા સોલવન્ટ ૨૫ વારીયામાં રહેતાં વિક્કી જેન્તીભાઇ બાવરીયા (ઉ.વ.૨૦) નામના યુવાને ૧૪મીએ બપોરે અઢી વાગ્યા આસપાસ ઘરે હતો ત્યારે ડીશ સાફ કરવા માટેનું લિક્વીડ પી લેતાં તબિયત બગડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહિ તેનું આજે વહેલી સવારે મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર વિક્કી ત્રણ બહેન અને બે ભાઇમાં વચેટ અને અપરિણીત હતો. તેને માનસિક બિમારી હોઇ તેની દવા પણ ચાલુ હતી. બિમારીથી કંટાળી જઇ આ પગલુ ભર્યાનું સગાએ જણાવ્યું હતું. તેના પિતા જેન્તીભાઇ છુટક મજુરી કરી ગુજરાન ચલાવે છે. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

બીજા બનાવમાં રાજકોટના શાપર વેરાવળમાં રહેતી અને નર્સિંગ હોમકેરનું કામ કરતી તરૂણાબેન ડાયાભાઈ ધોરીયા નામની ૨૦ વર્ષની યુવતી પોતાના ઘરે હતી ત્યારે છેલ્લા ચાર દિવસથી ઉંઘ નહીં આવતાં ઉંઘની વધુ પડતી ગોળીઓ ખાઈ લીધી હતી. યુવતીની તબિયત લથડતાં સારવાર માટે ખસેડવામાં આવી હતી.બન્ને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# અમરેલી જિલ્લામાં રેતી માફિયાઓ બેફામ

## સાવરકુંડલા મામલતદારની ટાસ્ક ફોર્સે ૨૦ ટન રેતી ભરેલું ડમ્પર ઝડપી પાડતા ચકચાર

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:
અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી રેતી સહિતના ખનીજની ચોરીઓ બેફામ બની છે. અખબારોમાં અહેવાલો પ્રસિદ્ધ થયા બાદ સાવરકુંડલા મામલતદારે જિલ્લા કલેકટરની સૂચનાથી ઈરીગેશન, આરએન્ડબી અને પોલીસની એક ટાસ્ક ફોર્સ ટીમ બનાવી રેતી માફિયા સામે કડક ઝુંબેશ શરૂ કરી છે. આ ઝુંબેશ દરમિયાન આજે સાવરકુંડલાના જૂનાસાવર ગામ નજીકથી એક રોયલ્ટી પાસ વિનાનું ૨૦ટન રેતી ભરેલું ડમ્પર ઝડપી પાડવામાં આવ્યું છે.



જિલ્લામાં રાત-દિવસ રેતી સહિતના ખનીજોની ચોરીનો સિલસિલો યથાવત છે. ખાણ ખનીજ વિભાગની નિષ્ક્રિયતાના કારણે માફિયાઓ બેફામ બન્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા હતા. આ અંગે અખબારોમાં અહેવાલો પ્રસિદ્ધ થયા બાદ વહીવટી તંત્ર દોડતું થયું છે. સાવરકુંડલા મામલતદારે ખનીજ ચોરી રોકવા માટે તાત્કાલિક ટાસ્ક ફોર્સની રચના કરી છે. જેમાં સિંચાઈ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ તથા પોલીસના અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ટાસ્ક ફોર્સ દ્વારા હાથ ધરાયેલી તપાસ દરમિયાન સાવરકુંડલા તાલુકાના જૂનાસાવર ગામ નજીકથી એક ડમ્પર ટ્રકને ઝડપી પાડવામાં આવ્યો. તપાસમાં ડમ્પરમાં લગભગ ૨૦ ટન રેતી ભરેલી હોવાનું અને તેની પાસે કોઈ જાતનો રોયલ્ટી પાસ કે ખનીજના પરિવહન માટે જરૂરી દસ્તાવેજ ન હોવાનું બહાર આવ્યું.

મામલતદારે તાત્કાલિક કાર્યવાહી કરીને રેતી ભરેલા ડમ્પરને કબજે કરી પોલીસને સોંપી દીધો છે. તેમજ સમગ્ર મામલાની વિગતવાર રિપોર્ટ ખાણ ખનીજ વિભાગને પણ મોકલી આપવામાં આવી છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે, ખાણ ખનીજ વિભાગ આ મામલે આંખ આડા કાન કરી રહ્યું હતું, ત્યારે મામલતદારે સીધી ટાસ્ક ફોર્સ બનાવી કાર્યવાહી કરીને રેતી માફિયાઓમાં ફફડાટ ફેલાવ્યો છે.

મામલતદારના જણાવ્યા મુજબ "જિલ્લામાં કોઈપણ પ્રકારની ગેરકાયદેસર ખનીજ ચોરી સહન કરવામાં આવશે નહીં. ટાસ્ક ફોર્સ દ્વારા રાત-દિવસ પેટ્રોલિંગ કરી રેતી માફિયા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમ જણાવ્યું હતું.

# જૂનાગઢમાં હીરો હોન્ડા બાઇકની ચોરી કરનાર આરોપી પકડાયો

જુનાગઢ,
એ-ડીવી પો. સ્ટેડ. કામેના ફરીયાદીની હીરો હોન્ડા મો.સા. નં. જીજે-૧૪-૫-૬૭૫૨ ડી. રૂા. ૩૫૦૦૦ ની જુનાગઢ મજેવડી દરવાજા પાસે આવેલ હીરો કંપનીના શો-રૂમ પાસેથી કોઇ અજાણ્યાા ઈસમએ ચોરી કરેલ હોય.હકિકત મળતા એક ઈસમો શંકાસ્પરદ રીતે મો. સા. સાથે દોલતપરા માર્કેટીંગ યાર્ડ વિસ્તારમાં આંટાફેરા મારતો હોય જે સર્વેલન્સ પો. સ્ટાફના માણસો દોલતપરા માર્કેટીંગ યાર્ડના ગેઈટ પાસેથી એક ઈસમને હીરો હોન્ડા મો.સા. જેના આગળ-પાછળ નં. જીએ-૧૪-૫-૬૭૬૨ ની સાથે મળી આવતા મજકુર ઈસ્માઇલ રફીકભાઇ શેખ (રહે. પીશોરીવાડા શેરી નં. ૫) ને એ ડીવી. પો. સ્ટે.લઇ આવી પુછપરછ કરતા પોતે મજેવડી દરવાજા પાસે આવેલ હીરો કંપનીના શો-રૂમ પાસેથી ચોરી કરેલ હોવાની કબુલાત કરતા કાર્યવાહી કરેલ છે.એ.ડીવી. પો. સ્ટે.ના પો. ઈન્સ. એ.બી. ચૌધરી તથા પો. સબ. ઈન્સ. વાય.એન. સોલંકી તથા એ.એસ.આઇ. ભદ્રેશભાઇ રવૈયા તથા પો. કોન્સ . કલ્પેશભાઇ ચાવડા તથા અનકભાઇ બોઘરા તથા હિતેષભાઇ જીલડીયા તથા એ ડીવી પો. સ્ટાફ દ્વારા સારી કામગીરી કરેલ છે.

# ધારીના નબાપરા વિસ્તારમાંથી આખરે ખુંખાર દીપડો પાંજરે પુરાયો

## વીસ દિવસમાં ત્રણ દીપડા પાંજરે પૂરતા લોકોમાં રાહત

અમરેલી:
અમરેલી જિલ્લાના ધારી તાલુકાના નબાપરા વિસ્તારમાં છેલ્લા ઘણા દિવસોથી આતંક મચાવતો અને માણસો પાછળ દોડતો ખુંખાર દીપડો આજે વહેલી સવારે વન વિભાગ દ્વારા ગોઠવાયેલા પાંજરામાં સપડાયો હતો. નબાપરાની સીમમાંથી દીપડાનું સફળ રેસ્ક્યુ કરવામાં આવતા વીસ દિવસમાં ત્રીજો દીપડો પાંજરે પુરાયો છે, જેના કારણે વિસ્તારમાં રાહતનો માહોલ છવાયો છે.



અમરેલી જિલ્લાના ધારી તાલુકાના નબાપરા વિસ્તાર માટે આજે વહેલી સવાર રાહતના સમાચાર લઈને આવી હતી. છેલ્લા ઘણા દિવસોથી વિસ્તારમાં આતંક મચાવતો અને લોકો પાછળ દોડતો ખુંખાર દીપડો આખરે વન વિભાગની ટીમની જાળમાં ફસાઈ પાંજરે પુરાયો હતો. વન વિભાગ દ્વારા ગોઠવાયેલા પાંજરામાં દીપડો સપડાતા સ્થાનિકોમાં રાહતની લાગણી પ્રસરી ગઈ હતી.

મળતી માહિતી મુજબ નબાપરા વિસ્તાર અને તેની આસપાસની સીમમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાની સતત અવર જવર જોવા મળી રહી હતી. દીપડો ખેડૂતો, રાહદારીઓ અને વાહનચાલકો માટે ભયનું કારણ બન્યો હતો. અનેક વખત દીપડાએ માણસો તરફ દોડવાનો પ્રયાસ કર્યો હોવાનું પણ સ્થાનિકોએ વન વિભાગને જણાવ્યું હતું. જેના આધારે વન વિભાગે સતત મોનિટરિંગ શરૂ કર્યું હતું.

વન વિભાગની ટીમે નબાપરાની સીમ વિસ્તારમાં અલગ અલગ સ્થળોએ પાંજરા ગોઠવી દીપડાની હિલચાલ પર નજર રાખી હતી. આજે વહેલી સવારે દીપડો પાંજરામાં સપડાતા અધિકારીઓ અને સ્ટાફ તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા. બાદમાં દીપડાને સુરક્ષિત રીતે લઈ જઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મહત્વની બાબત એ છે કે છેલ્લા વીસ દિવસમાં આ જ પંથકમાંથી વન વિભાગે ત્રણ દીપડાને પાંજરે પૂરવામાં સફળતા મેળવી છે. દીપડાની વધતી હિલચાલને ધ્યાનમાં રાખીને વન વિભાગે સઘન પેટ્રોલિંગ અને રેસ્ક્યુ કામગીરી હાથ ધરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે માનવ વસાહતની નજીક આવતાં જંગલી પ્રાણીઓ અંગે લોકો સતર્ક રહે અને કોઈ પણ પ્રકારની હિલચાલ જણાય તો તરત જ વન વિભાગને જાણ કરે. ખુંખાર દીપડો પાંજરે પુરાતા નબાપરા વિસ્તારના ગ્રામજનોમાં હાશકારો જોવા મળ્યો હતો. ખાસ કરીને વહેલી સવારે પસાર થતા રાહદારીઓ અને વાહન ચાલકોમાં હવે ભયનું વાતાવરણ ઓછું થયું છે. સ્થાનિકોએ વન વિભાગની ત્વરિત કામગીરીની પ્રશંસા કરી હતી.

# રાજકોટના લાપાસરી ગામમાં જૂની અદાવતનો ખાર રાખી યુવાન પર હુમલો

રાજકોટ,
રાજકોટ શહેરના આજીડેમ વિસ્તાર હેઠળના લાપાસરી ગામમાં જૂની અદાવતનો ખાર રાખી એક યુવાન પર હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ગત રાત્રિના સુમારે આ ઘટના બની હતી.જેમાં લાપાસરી ગામે રહેતા ફરીયાદી રવિભાઈ મોહનભાઈ બાબરીયા પર તેમના પરિચિતો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. ફરીયાદી જ્યારે લાપાસરી ગામમાં આવેલા હનુમાનજી મંદિર નજીક પુલ પાસે બેઠા હતા, ત્યારે આ હુમલો થયો હતો.ઘટનાની વિગત મુજબ, અગાઉ સાથે મજૂરી કામ કરતા હોવાને કારણે ફરીયાદી અને આરોપીઓ વચ્ચે અગાઉ ઝઘડો થયો હતો, જેનો ખાર રાખી આ ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. આ કિસ્સામાં આરોપી કરણભાઈ મુકેશભાઈ બાબરીયા અને અશોકભાઈ નારણભાઈ બાબરીયાએ આવીને ફરીયાદી સાથે ગેરવર્તણૂક કરી હતી. અશોકભાઈએ ફરીયાદીને બે-ત્રણ ઝાપટ મારી હતી અને કરણભાઈએ હાથમાં પથ્થર લઈ ફરીયાદીને મારી નાખવાની ધમકી આપી હતી, જેના કારણે ફરીયાદી ભયભીત થઈને ત્યાંથી નીકળી ગયા હતા.આ સમગ્ર મામલે ૧૫ જુલાઈ ૨૦૨૬ના રોજ આજીડેમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ફરીયાદના ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં હૃદયના ધબકારા ચુકી જવાના બે બનાવોમાં બેનાં મોત

## કરણપરા નેપાળી યુવાન તથા વૈશાલીનગરમાં આધેડનું મોત : પરિવારોમાં શોક

રાજકોટ,
રાજકોટમાં હૃદય ધબકારા ચુકી જવાને કારણે મૃત્યુધની વધુ બે ઘટના બની છે જેમાં કરણપરમાં રહેતાં નેપાળી યુવાન અને વૈશાલીનગરમાં રહેતાં આધેડના મૃત્યુ થયા છે.

જાણવા મળ્યા મુજબ કરણપરા શેરી નં. ૨૮માં રહેતાં ભીમબહાદુર પ્રતાપસિંગ શાહી (ઉ.વ.૪૧) નામના નેપાળી યુવાન રાતે સાડા ત્રણેક વાગ્યે ઘરે હતાં ત્યારે છાતીમાં દુઃખાવો શરૂ થયા બાદ બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેઓ ત્રણ બહેન અને બે ભાઇમાં મોટા હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તેઓ હોટેલમાં કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. બનાવની જાણ થતાં નેપાળી સેવા સમાજના આગેવાન સંજયભાઇ કારકી હોસ્પિટલે પહોંચ્યા હતાં અને મૃતદેહને વતન નેપાળ લઇ જવા માટે મૃતકના સ્વજનોને મદદરૂપ થયા હતાં.

બીજા બનાવમાં રૈયા રોડ આમ્રપાલી ફાટક નજીક વૈશાલીનગર-૪માં રહેતાં મુળ ઝારખંડના જયરામભાઇ રામસેવકરામ ઠાકુર (ઉ.વ.૫૩) રાતે ત્રણેક વાગ્યે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની ગઇ છે. તેઓ ત્રણ ભાઇ અને એક બહેનમાં બીજા હતાં અને છુટક મજૂરી કરતાં હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. હૃદય રોગનો હુમલો આવી ગયાનું સગાએ કહ્યું હતું.બંને બનાવમાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે એ-ડિવીઝન અને ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરી મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવાયું હતું.

# રાજકોટના જામનગર રોડ પર ક્વાર્ટરમાં યુવતીનું બેભાન થતાં મોત

રાજકોટ,
રાજકોટના જામનગર રોડ પર ક્વાર્ટરમાં રહેતી ૧૯ વર્ષીય પ્રિયાંશી મકવાણાનું અચાનક મોત નીપજ્યું હતું. પિતા સહિતના સભ્યોનું કહેવું છે કે, પ્રિયાંશી ઘરે બેભાન થઈ ગઈ હતી. તેને બેભાન હાલતમાં જ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લવાઈ હતી. જ્યાં મૃત જાહેર કરાઈ હતી. પોલીસે મૃતદેહનું પીએમ કરાવી, મોતનું ચોક્કસ કારણ જાણવા વિશેરા લેવડાવી તપાસ અર્થે ફોરેન્સિક લેબમાં મોકલાયા છે.

આ અંગે મળતી માહિતી અનુસાર, પરિવારે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફને જણાવ્યા મુજબ, પ્રિયાંશી મનિષભાઈ મકવાણા (ઉંમર વર્ષ ૧૯, રહે. જામનગર રોડ, આવાસ ક્વાર્ટર, સંજરી મસ્જિદની સામે, રાજકોટ) આજે સવારે ૧૧ વાગ્યાં આસપાસ પોતાના ઘરે હતી ત્યારે બીમારી સબબ બેભાન થઈ જતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા ડોક્ટરે મૃત જાહેર કરી હતી.રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે પ્ર. નગર પોલીસને જાણ કરી હતી. મૃત્યુનું ચોક્કસ કારણ સ્પષ્ટ થતું ન હોવાથી પોલીસે મૃતદેહ પીએમ. માટે ખસેડી વિશેરા લવડાવ્યા હતા.પરિવારની પુછપરછમાં જાણવા મળેલ કે, મૃતક પ્રિયાંશી ૨ બહેન અને ૧ ભાઈ મોટી હતી. તેમના પિતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં કર્મચારી તરીકે નોકરી કરે છે. પરિવારના જણાવ્યા મુજબ, યુવતીને આંચકીની બીમારી હતી.દીકરીના મૃત્યુથી પરિવારમાં શોક છવાયો હતો. પોલીસે જરૂરી કાગળ કાર્યવાહી કરી આગળની તપાસ હાથ ધરી હતી.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## ખૂબ જ પીડાદાયક ઘટના

શું ભારતીયો સ્વાભાવિક રીતે ભ્રષ્ટ છે? એટલા ભ્રષ્ટ છે કે તેઓ ભગવાન રામને પણ છોડશે નહીં. જે મંદિર માટે લોકોએ દાયકાઓથી પોતાનું સ્વપ્ન પૂર્ણ કરવા માટે પ્રયત્નશીલ રહ્યા છે તે જ મંદિરે જાહેર કર્યું છે કે આ પવિત્ર સંસ્થાની સેવા કરવાની જવાબદારી સોંપાયેલા લોકો ચોરી અને ઉચાપતમાં સંડોવાયેલા હોઈ શકે છે. આ કોઈ સરકારી વિભાગ, રેન્ડમ કોન્ટ્રાક્ટર અથવા અનામી કંપનીનો મામલો નથી, પરંતુ ભગવાન રામની સંપત્તિના ભંગનો મામલો છે. એ યાદ રાખવું જોઈએ કે આ મંદિર બનાવવાના સંકલ્પને પૂર્ણ કરવામાં પેઢીઓ વિતાવી. આ મુદ્દાએ દેશના રાજકારણનો માર્ગ બદલી નાખ્યો, સમુદાયો વચ્ચે ફાટ નાખ્યો, રાષ્ટ્રનું ધ્યાન ખેંચ્યું અને આધુનિક ભારતના સૌથી ભાવનાત્મક મુદ્દાઓમાંનો એક બન્યો.

તેમજ સમગ્ર ફિશરીઝ ઉદ્યોગના વિકાસ માટે મહત્વપૂર્ણ છે. માછલીઓના હેન્ડલિંગ, સ્ટોરેજ અને પરિવહન સહિતની સુવિધા ઓને વધુ અસરકારક બનાવવા અધિકારીઓને સુચના આપેલ હતા.ગીર સોમનાથ જિલ્લા કલેક્ટરે પ્રોજેક્ટ ની કામગીરી ગુણવત્તા સાથે સમયસર પૂર્ણ થાય અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આયોજનબદ્ધ વિકાસ થાય તે માટે માર્ગદર્શન આપ્યું. તેમણે અધિકારીઓને વિવિધ વિભાગો વચ્ચે વધુ સારું સંકલન જાળવી કામગીરી આગળ વધારવા જણાવ્યું હતું.આ મુલાકાત દરમિયાન ગુજરાત મેરીટાઈમ બોર્ડ ના પોર્ટ અધિકારી પંચાલ, ફિશરીઝ વિભાગના અધિકારી કોટિયા, એમપીડા ના અધિકારી કિશોરભાઈ વાણીયા, અધિક જિલ્લા કલેકટર રાજેશ આલ અને પ્રાંત અધિકારી જૈમીન કાકડિયા સહિત જીએમબી, ફિશરીઝ અને રેવન્યુ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓએ કલેક્ટરને પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિ, આગામી આયોજન અને વિકાસ કાર્યો અંગે માહિતી આપી હતી.

# જાફરાબાદ: કટકે કટકે કરી કુલ રૂ.૯,૫૫,૦૦૦ ટ્રાન્સફર કરાવી છેતરપિંડી

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલીઃ

ઉત્તરપ્રદેશના વતની અને હાલ જાફરાબાદ તાલુકાના લુણસાપુર ગામે આવેલ કે-૪૦૩ સિન્ટેક્ષ કોલોનીમાં રહેતા અને સિન્ટેક્ષ કંપની લુણસાપુરમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા અનીલકુમાર રમેશચંદ્ર શાહૂ નામના ૪૦ વર્ષીય યુવકને ગત તા.૨૧/૧/૨૬ થી તા.૪/૫/૨૬ દરમીયાન કોઈ અજાણ્યા વ્યક્તિએ ફેસબુક એપ્લીકેશનમાં એડ મારફતે મો.નં.૬૩૦૯૦૦૬૪૧૪ વાળાએ સ્ટોક માર્કેટમાં શીખવા માટે અને નફા વાળા શેર ટ્રેડીંગ કરવા માટે A1165 Samco Trading Learning Group નામના વોટ્સએપ ગ્રુપમાં એડ કરાવી, વોટ્સએપ ગ્રુપમાં તથા મો.નં.૬૩૦૯૦૦૬૪૧૪ વાળા સાથે પર્સનલમાં તથા વોટ્સએપ કોલમાં વાતચીત કરી, યુવકના જુદા જુદા બેંક એકાન્ટમાંથી તા.૨૧/૧/૨૬ થી તા.૧૮/૪/૨૬ દરમીયકન જુદી જુદી બેંકો જેમાં (૧) Shree Sai construction (BANK OF INDIA) ખાતા નં. ૭૦૦૬૨૦૧૧૦૦૦૦૨૭૦ માં રૂપિયા ૩૧,૦૦૦ તથા D.K.Traders (YES BANK )ખાતા નં. ૦૩૧૦૮૯૪૦૦૦૦૦૭૧૬ માં રૂપિયા ૬૨,૦૦૦ તથા Istiaque online stroe (YES BANK) ખાતા નં. ૧૨૨૮૬૧૯૦૦૦૦૨૬૫૭ માં રૂપિયા ૨૫,૦૦૦ તથા Mahakal enterprises (KOTAK MAHINDRA BANK) ખાતા નં. ૯૧૫૦૨૪૨૨૧૬ માં રૂપિયા ૨,૨૫,૦૦૦ તથા M.S.R K Enterprises (BANDHAN BANK) ખાતા નં. ૨૦૧૦૦૦૭૭૧૭૦૪૬૯ માં રૂપિયા ૧૧,૦૦૦ તથા MADEEY FOOTCARE (BANK OF INDIA) ખાતા નં. ૭૨૭૩૨૦૧૧૦૦૦૦૪૩૦ માં રૂપિયા ૧,૦૧,૦૦૦ તથા Santosh Kumar (HDFC) ખાતા નં. ૫૦૧૦૦૪૯૩૪૦૬૧૬૫ માં રૂપિયા ૫,૦૦,૦૦૦ માં કટકે કટકે કરી કુલ રૂ.૯,૫૫,૦૦૦ ટ્રાન્સફર કરાવી reliance industries Limited F સબસ્કરાઈબ કરાવી, Samco Securities limited એપ્લી.માં યુવકના એકાઉન્ટમાં માઈનસ દશ લાખ દેખાડી યુવકનુ એકાઉન્ટ ફ્રીજ કરી વધુ રૂપીયા દશ લાખ નાખવાની ધમકી આપી મો.નં.૬૩૦૯૦૦૬૪૧૪ વાળાનું વોટ્સએપ તથા છ૧૧૬૫ Samco Trading Learning Group વોટ્સએપ ગ્રુપ તથા Samco Securities limited નામની એપ્લીકેશન બંધ કરી દઈ યુવક સાથે ઠગાઈ કરી ઓનલાઈન સાયબર ફ્રોડ કરેલ કરી ગુનો કર્યાની BNS ક.૩૧૮(૪), ૩૧૯(૨), ૩૫૧(૨) તથા આઈ.ટી એક્ટ ક.૬૬(સી), ૬૬(ડી) મુજબ પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# ખેડૂતને ખાતર તથા અનાજનો માલ નહી આપી રૂપિયા ૫૦,૦૦૦ની છેતરપીંડી

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલીઃ

રાજુલા તાલુકાના રામપરા-૨ ગામે રહેતા એક ખેડુતને કોઈ અજાણ્યા શખસોએ મહુવા ગામે રહેતા હોવાની ઓળખ આપી ખેડૂતને વિશ્વાસમાં લઈ અને આરોપીએ અનાજ, ખાતર વેંચવા માટે જણાવેલ હતું. અને વેચાણમાં એક બોરી દીઠ રૂપિયા ૧૫૦ નો ફાયદો થશે. તેવી લાલચ આપી અને ખેડૂતને ૩૦૦ બોરીઓ ખાતર તથા અનાજ પહોંચાડવા માટે તથા મજુરી તેમજ ગાડીના ભાડા પેટે કુલ રૂપિયા ૫૦,૦૦૦ ની જરૂર પડશે. તેમ કહી ગુગલ પે થી રૂપિયા મંગાવી લઈ ખેડુતને ખાતર તથા અનાજનો માલ નહી આપી ખેડૂત સાથે રૂપિયા ૫૦,૦૦૦ ની છેતરપીંડી ઓન લાઈન સાયબર ફ્રોડ કાર્યની ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની ક.૩૧૮(૪), ૫૪ તથા IT ACT કલમ ૬૬(ડી) મુજબ પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

રાજુલા તાલુકાના રામપરા-૨ ગામે રહેતા શીવાભાઈ નાજાભાઈ વાઘ નામના ૩૭ વર્ષીય ખેડુતને મોબાઈલ નં. ૭૬૯૮૬૬૬૫૫૫ ઉપરથી મહુવા ગામે રહેતા આરોપી રાઘવભાઈ ભુવાના નામથી ઓળખ આપી ખેડૂતના મો.નં.૯૯૦૪૯૪૪૩૧૬ મા ફોન કરી અને કહેલ કે, પોતે રામપરા-૨ ગામે આવેલ બગીચાની શાળાએ ભણેલ છે. અને આશ્રમના સંતને સારી રીતે ઓળખતો હોય જેથી ખેડૂતને આ આરોપી રાઘવ જાણીતો લાગતા ખેડૂતને વિશ્વાસમાં લઈ અને આ આરોપીએ ખેડુતને અનાજ, ખાતર વેંચવા માટે જણાવેલ હતું. અને વેચાણમાં એક બોરી દીઠ રૂપિયા ૧૫૦ નો ફાયદો થશે. તેવી લાલચ આપી અને ખેડૂતને ૩૦૦ બોરીઓ ખાતર તથા અનાજ પહોંચાડવા માટે તથા મજુરી તેમજ ગાડીના ભાડા પેટે કુલ રૂપિયા ૫૦,૦૦૦ ની જરૂર પડશે. અને તે પૈસા એડવાન્સમાં નાખવાનુ કહી આરોપીએ તેના મિત્ર આરોપી નં.૯૭૭૩૪૪૯૪૧૨ થી વાત કરાવનાર વ્યક્તિના ગુગલ પે આઈ.ડી. નં.vijaybhais215@oksbi (SBI બેંક ખાતા ધારક વિજયકુમાર રણછોડભાઈ ધોબી) ના ખાતામાં ખેડૂતે SBI ના સેવીંગ બેન્ક એકાઉન્ટ નં. ૬૬૦૧૯૦૪૫૩૧૭ ના ગુગલ પે થી રૂપિયા ૫૦,૦૦૦ પે કરાવી ઉપરોકત બન્ને મોબાઈલ નંબરથી વાત કરનાર આરોપીઓએ એકબીજાએ મીલાપીપણુ કરી ખેડૂતને વિશ્વાસમા લઈ ખાતર તથા અનાજનો માલ નહી આપી ખેડૂત સાથે રૂપિયા ૫૦,૦૦૦ ની છેતરપીંડી ઓન લાઈન સાયબર ફ્રોડ કાર્યની ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની ક.૩૧૮(૪), ૫૪ તથા IT ACT કલમ ૬૬(ડી) મુજબ પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

# ડી.વાયએસ.પી. વિરલ ચંદનનાં અધ્યક્ષ સ્થાને

## લીલીયા પોલીસ સ્ટેશન ખાતે નાગરિકોનાં પ્રશ્નોના નિરાકરણ માટે કાર્યક્રમ યોજાયો



(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલીઃ

જનતાની સમસ્યાઓનું ઝડપી અને સંતોષકારક નિવારણ લાવવાનાં આશય સાથે લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતની સુચના અનુસાર, લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે ડીવાયએસપી વિરલ ચંદનના અધ્યક્ષસ્થાને અરજદારોના પ્રશ્નો સાંભળવા માટે એક બેઠક યોજાઈ હતી. આ તકે લીલીયા મોટા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એચ.એમ. અગ્રાવત પણ ખાસ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમ દરમિયાન વિસ્તારના અસંખ્ય અરજદારો રૂબરૂ હાજર રહયા હતા. અને તેમણે પોતાનીરજુઆતો, પ્રશ્નો અને ફરિયાદો ઉચ્ચ અધિકારીઓ સમક્ષ રજુ કરી હતી. ડીવાયએસપી વિરલ ચંદન દ્વારા તમામ અરજદારોની પડતી મુશ્કેલીઓ દુર કરવા અને પોલીસ પ્રશાસન તરફથી સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી હતી.પોલીસ અને જનતા વચ્ચેનો સમન્વય વધે અને લોકોને પોતાનાં પ્રશ્નો માટે ન્યાય મળે તેવા હેતુથી યોજાયેલા આ કાર્યક્રમ બદલ ઉપસ્થિત અરજદારોએ લીલીયા પોલીસ પ્રશાસનની આ કામગીરીને બિરદાવી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## આઈ.ટી.આઈ અમરેલી ખાતે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી રોજગાર ભરતીમેળો યોજાશે

અમરેલીઃ

ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકની જિલ્લા રોજગાર વિનિમય કચેરી-અમરેલી અને ઔદ્યોગિક તાલીમ સંસ્થા - અમરેલીના સંયુક્ત ઉપક્રમે અનુબંધમ પોર્ટલના માધ્યમથી રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળો આગામી તા. ૧૭/૦૭/૨૦૨૬ (શુક્રવાર)ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આઈ.ટી.આઈ., લાઠી રોડ, અમરેલી ખાતે યોજાશે.

# સંરક્ષણ અને પોલીસ દળમાં જોડાવા ઈચ્છતા સ્થાનિક યુવાનો માટે ૩૦ દિવસના નિઃશુલ્ક નિવાસી તાલીમવર્ગનું આયોજન



અમરેલીઃ

અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા સંરક્ષણ અને પોલીસ દળમાં જોડાવા ઈચ્છતા સ્થાનિક યુવાનો માટે ૩૦ દિવસના નિઃશુલ્ક નિવાસી તાલીમવર્ગ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્ગ અંતર્ગત પસંદગી પામેલા ઉમેદવારોને રહેવા-જમવાની સુવિધા સાથે શારીરિક અને લેખિત કસોટીની સંપૂર્ણ તાલીમ કોઈ પણ ચાર્જ વિના આપવામાં આવશે. આ ભરતીલક્ષી તાલીમમાં માત્ર અમરેલી જિલ્લાના ૧૭.૫ થી ૨૫ વર્ષની વય ધરાવતા, શારીરિક તેમજ માનસિક રીતે સક્ષમ પુરુષ ઉમેદવારો જ ભાગ લઈ શકશે, જેમની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ પાસ કે તેથી વધુ હોવી અનિવાર્ય છે. વધુમાં, જે યુવાનોએ અગ્નિવીરની લેખિત પરીક્ષા પાસ કરી હશે તેમને આ વર્ગમાં પ્રવેશ માટે પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે. આ તાલીમવર્ગમાં જોડાવા માટે રસ ધરાવતા ઉમેદવારોએ તેનું ફોર્મ જિલ્લા રોજગાર કચેરી, અમરેલી ખાતેથી રૂબરૂ અથવા તેમની સત્તાવાર ટેલીગ્રામ ચેનલ @empamreli પરથી વિનામૂલ્યે મેળવી લેવાનું રહેશે. સંપૂર્ણ વિગતો સાથે ભરેલું આ અરજી ફોર્મ જાહેરાત પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસની અંદર જિલ્લા રોજગાર કચેરી, બહુમાળી ભવન, અમરેલી ખાતે ટપાલ દ્વારા અથવા રૂબરૂ જઈને જમા કરાવવાનું રહેશે. આ સુવર્ણ તક અંગે વધુ માહિતી કે કોઈ પણ પ્રકારની પૂછપરછ માટે ઉમેદવારો કચેરીના સત્તાવાર ટેલિફોન નંબર ૯૫૧૨૩૪૦૫૪૯ પર સંપર્ક કરી શકે છે તેમ જિલ્લા રોજગાર અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ગીર સોમનાથ જીલ્લામાં વાહકજન્ય રોગચાળાને ડામવા આરોગ્ય વિભાગની કામગીરી

વેરાવળ,

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૭ સુધી મેલેરિયામુકત ગુજરાતનું લક્ષ્ય પ્રાપ્ત કરવા નિર્ધાર કરવામાં આવ્યો છે. સમગ્ર રાજ્યમાં જૂન માસને મેલેરિયા વિરોધી માસ અને જૂલાઈ માસ ને ડેન્ગ્યૂ વિરોધી માસ તરીકે ઉજવણી કરવામાં આવે છે.



'મેલેરિયામુકત ગુજરાત' સૂત્રને સાર્થક કરવા સક્રિય પ્રયત્નો તમામ જિલ્લાઓ દ્વારા હાથ ધરવામાં આવી રહ્યા છે. મેલેરિયાના અંત માટે આપણે પ્રતિબદ્ધ છીએ: આપણે તેનો અંત લાવીને જ રહીશું થીમ આધારિત જનજાગૃતિની કામગીરી જિલ્લામાં કરવામાં આવી રહી છે. આ અભિયાન અન્વયે મેલેરિયા(આરોગ્ય)શાખા જિલ્લા પંચાયત તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. અરુણ રોય અને જિલ્લા મેલેરિયા અધિકારી ડો.ડી.કે.ગૌસ્વામીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લાના કુલ ૩૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૦૪ અર્બન હેલ્થ સેન્ટર ગીર સોમનાથ આરોગ્ય સ્ટાફ દ્વારા જિલ્લાના તમામ ગામો / શહેરી વિસ્તારના હાઉસ ટૂ હાઉસ સર્વે હાથ ધરાયો હતો. આ સર્વે દરમિયાન તમામ શંકાસ્પદ મેલેરિયા કેસોના કુલ-૪,૧૮૫ લોહીના નમૂનાનું માઈક્રોસ્કોપીક પરિક્ષણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, જૂલાઈ માસમાં જિલ્લાનાં ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં પોરાનાશક કામગીરી કરતાં હાઉસ ટૂ હાઉસ સઘન સર્વે ઝૂંબેશ દરમિયાન ૨,૫૮,૩૬૦ ઘરની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૪,૧૮૫ તાવના કેસ મળી આવ્યા હતા. તેમજ ૧૬,૫૪,૪૬૦ પાત્રોની ચકાસણી કરતાં ૮,૩૦૧ પાત્રોમાં પોઝિટિવ બ્રિડિંગ જોવા મળ્યું હતું. જે તમામનો સ્થળ ઉપર જ નાશ કરી દેવામાં આવ્યો હતો. આ સાથે પોઝિટિવ બ્રિડિંગવાળા પાત્રોમાં ટેમિફોસ દવા દ્વારા તેમજ સોર્સ રિડકશનથી નિકાલ કરવામાં આવ્યો છે. તેમજ, ખાડા-ખાબોચિયામાં ઓઈલ બોલ/ ડાયફ્લ્યુબેન્ઝુરોન ૨૫% નો છંટકાવ કરવામાં આવ્યો છે.

# ગીર સોમનાથની વોલીબોલ ગર્લ રાજલબહેન વાળા થાઈલેન્ડ ખાતે આંતરરાષ્ટ્રીય વોલીબોલ સ્પર્ધામાં દેશબુ નેતૃત્વ સંભાળ્યું


## વોલીબોલ ગામ તરીકે પ્રખ્યાત સરખડીની વધુ એક દીકરીએ આંતરરાષ્ટ્રીય રમતમાં પોતાનું કાઠું કાઢ્યું

મિતેશ પરમાર, વેરાવળ,

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ખેલને પ્રોત્સાહન મળે તે માટે વિવિધ પ્રકારના પગલાઓ લેવામાં આવી રહ્યાં છે. વર્ષ ૨૦૨૮માં અમદાવાદ ખાતે એશિયન ગેમ્સ અને વર્ષ ૨૦૩૬માં ઓલિમ્પિક ગેમ્સ રમાય તે માટે ભારતદેશે સક્રિય દાવેદારી નોંધાવેલી છે અને સંભવતઃ આ રમતો ભારતમાં રમાશે. જેના કારણે દેશમાં રમતનો માહોલ ઉભો થવાનો છે.

ગીર સોમનાથ જિલ્લામાં પણ તેને ધ્યાનમાં રાખીને મોટું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ આકાર લઈ રહ્યું છે.

ભારત દેશમાં જ્યારે આંતરરાષ્ટ્રીય કક્ષાની રમતો માટેનો માહોલ બની રહ્યો હોય. ત્યારે, ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર તાલુકાનું સરખડી ગામ જે વોલીબોલમાં અનેક ખેલાડીઓ આપી



ચૂક્યું છે. તેની ઓળખ 'વોલીબોલ વિલેજ' તરીકેની થઈ ગઈ છે.આ જ ગામની ૧૬ વર્ષની વધુ એક ખેલાડી શ્રી રાજલબહેન વાળાએ તાજેતરમાં થાઈલેન્ડના નાખોન રાત્યાસિમા ખાતે તા. ૧ થી ૭ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન યોજાયેલ ૧૬ મી એ.વી.સી એશિયન વિમેન્સ અંડર-૧૮ વોલીબોલ ચેમ્પિયનશિપમાં ભાગ લઈને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.શ્રી રાજલબહેને નાની ઉંમરમાં ન માત્ર ભારતીય મહિલા વોલીબોલ ટીમમાં સામેલ થયા હતાં પરંતુ તેમણે ભારતીય ટીમનું નેતૃત્વ પણ સંભાળ્યું હતું.

રાજલબહેન વાળાની કેપ્ટનશીપમાં ભારતીય વોલીબોલ ટીમે કોરિયા, ચાઈનીઝ તાઈપેઈ, વિયેતનામ જેવી એશિયાની સૌથી મજબૂત યુવા વોલીબોલ ટીમો સામે બાથ ભીડી હતી.

રાજલબહેન રાજ્યકક્ષાએ છ મેડલ, આંતરરાષ્ટ્રીય કક્ષાએ બે મેડલ, ખેલો ઈન્ડિયામાં બ્રોન્ઝ અને બે સિલ્વર મેડલ મેળવી ચૂક્યા છે. રાજલબહેને નાનપણથી જ પોતાના ગામમાં વોલીબોલના જાણિતા કોચ વરજાંગભાઈ વાળાના માર્ગદર્શનમાં અન્ય દીકરીઓ વોલીબોલમાં જે રીતે રમત રમી રહી હતી, તે જોઈને રમવાનું શરુ કર્યું હતું. તેમના પિતાશ્રી પ્રતાપભાઈ વાળા કે જેઓ ભારતીય લશ્કરમાં સેવા બજાવી ચૂક્યાં છે. તેમણે પણ રાજલબહેનને વોલીબોલની રમતમાં આગળ વધવા પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. જેના કારણે રાજલબહેન આજે ભારતીય વોલીબોલ ટીમના કપ્તાન બનીને રમી રહ્યાં છે. આ માટે રાજલબહેન વાળાએ વોલીબોલ માટે રાજલબહેને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના નડિયાદ સ્થિત હાઈ પર્ફોર્મન્સ સેન્ટરમાં સઘન તાલીમ મેળવી હતી.

આંતરરાષ્ટ્રીય મંચ પર ગીર સોમનાથ જિલ્લાનું ભારતીય વૉલીબોલમાં ખાસ્સું પ્રભુત્વ રહ્યું છે. આ અગાઉ, સરખડી ગામના કિંજલવાળા અને ચેતનાવાળા પણ ભારતીય મહિલા વોલીબોલ ટીમની કેપ્ટન રહી ચૂક્યાં છે. આ રીતે ખ્યાતનામ વોલીબોલ ગામ તરીકે પ્રખ્યાત સરખડીની વધુ એક દીકરીએ આંતરરાષ્ટ્રીય રમતમાં પોતાનું કાઠું કાઢી ગીર સોમનાથ જિલ્લા સાથે રાજ્યનું ગૌરવ વધાર્યું છે.

# સરપંચની ટિકિટ જોઈએ તો માલીશ કરવી પડે!: ખાંભા તા.પં.ના ચેરમેનનો વિવાદાસ્પદ વીડિયો વાયરલ

## કાર્યકર પાસે મસાજ કરાવી પદનું વચન આપ્યું; ભાજપમાં ખળભળાટ





અમરેલી:
અમરેલી જિલ્લાના ખાંભા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન ભાવેશ જાદવનો એક વિવાદાસ્પદ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. આ વીડિયોમાં એક કાર્યકર ચેરમેનના પગ દબાવતો અને મસાજ કરતો જોવા મળે છે, જ્યારે ચેરમેન તેને સરપંચ પદ આપવાનું વચન આપી રહ્યા છે. આ ઘટનાથી ભાજપમાં ખળભળાટ મચી ગયો છે.તાજેતરમાં રાજ્યભરમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન અંતર્ગત જિલ્લાવાર સંગઠન દ્વારા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ધારી વિધાનસભા ક્ષેત્રમાં આવતા ખાંભા તાલુકા મંડળ દ્વારા ધારી ગીરમાં આવેલા લાયનડેન રિસોર્ટમાં બે દિવસીય પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ગમાં મોટી સંખ્યામાં કાર્યકરો, હોદ્દેદારો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વાયરલ થયેલા આ વીડિયો ક્યાનો છે તે અંગે હજુ સુધી કોઈ પુષ્ટી થઈ નથી. પરંતુ કાર્યકરોમાં ચર્ચા છે કે, પ્રશિક્ષણ વર્ગ દરમિયાન રિસોર્ટના એક રૂમનો આ વીડિયો છે.સોશિયલ મીડિયામાં વહેતા થયેલા આ વીડિયોમાં જોવા મળે છે કે, એક સામાન્ય કાર્યકર ખાંભા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન ભાવેશ જાદવના પગ દબાવી રહ્યો છે અને પગની માલિશ કરી રહ્યો છે. આ દરમિયાન ભાવેશ જાદવ કાર્યકરને સરપંચ બનવાનું વચન આપે છે. જેનાથી કાર્યકર ભારે ઉત્સાહમાં આવી જાય છે.

કાર્યકર પગ દબાવીને સેવા કરી રહ્યો છે તેમજ બોલી રહ્યો છે કે, પ્રાણ જાય પણ વચન ન જાય, મને ભાવેશ ભાઈએ ગ્રામ પંચાયતનું વચન આપ્યું છે અને આપણે બહુમતિથી જીતીશું. કેટલા વર્ષોથી સેવા કરીએ છીએ જેનો લાભ મળશે. આટલું જ નહીં, વીડિયોમાં સત્તાના નશા અને પદની લાલચનો ખુલ્લો ખેલ પણ જોવા મળી રહ્યો છે.

આ વીડિયો વાયરલ થતાં અને પક્ષની છબી ખરડાતાં ભારે વિવાદ જાગ્યો હતો. આ અંગે જ્યારે વિવાદના કેન્દ્રમાં રહેલા ખાંભા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન ભાવેશ જાદવનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે રિસોર્ટની ઘટનાનો સાવ ઈનકાર કર્યો હતો. તેમણે પોતાનો બચાવ કરતા જણાવ્યું કે, આ વીડિયો સુરતમાં યોજાયેલા એક લગ્ન પ્રસંગ દરમિયાનનો છે.

અમે મિત્રો-કાર્યકરો સાથે બેઠા હતા ત્યારે માત્ર મજાક-મસ્તીના મૂડમાં આ બધું બોલાયું હતું. વીડિયોમાં દેખાય છે તેવી કોઈ ઘટના બની નથી.

બીજી તરફ આ મામલે ખાંભા તાલુકા ભાજપ સંગઠનના પ્રમુખ આનંદ ભટ્ટ પણ હરકતમાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે, આ વીડિયો ધારી ગીરના રિસોર્ટનો છે કે અન્ય કોઈ જગ્યાનો તેની સત્તાવાર પુષ્ટિ હજી થઈ નથી. પરંતુ પક્ષના જવાબદાર પદાધિકારી તરફથી આ પ્રકારનું વર્તન બિલકુલ યોગ્ય ન કહી શકાય. પક્ષ આ બાબતને ગંભીરતાથી લઈ રહ્યો છે અને વીડિયો ક્યાંનો છે તે અંગે અમે તપાસ કરાવી રહ્યા છીએ.

# રાજુલા: મથુરભાઈ ધૈયાભાઈ શિયાળના પાસેથી સુકા ગાંજાનો જથ્થો ૫ કિ. ગ્રા. ઝડપાયો



(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:
અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં આપેલ હોય જે અન્વયે અમરેલી એસ.ઓ.જી. પોલીસ ઈન્સપેક્ટર બી.જી.ઈશરાણીની રાહબરી હેઠળ એસ.ઓ.જી. ટીમ રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હોય તે દરમિયાન ખાનગીરાહે બાતમી હકીકત આધારે બીડીકામદાર વિસ્તાર ખાતે રહેતા મથુરભાઈ ધૈયાભાઈ શિયાળનાઓ પાસેથી સુકા ગાંજાનો જથ્થો ૫.૦૦૩ કિ.ગ્રા. સાથે રેઈડ દરમ્યાન ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

આ બનાવમાં અમરેલી જિલ્લાના રાજુલા ગામે બીડીકામદાર વિસ્તારમાં રાજુલા-સાવરકુંડલા બાયપાસ રોડ ઉપર રહેતા મથુરભાઈ ધૈયાભાઈ શિયાળ નામના ૬૦ વર્ષીય વૃદ્ધ ગેરકાયદેસર રીતે નશાકારક માદક પદાર્થ સુકા ગાંજાનું વેચાણ કરતો હોય તેવી બાતમી અમરેલી એસ.ઓ.જી. પોલીસને મળતા પોલીસે આજે વહેલી સવારે બાતમી વાળા સ્થળે દરોડો કરી આરોપી મથુરભાઈ ધૈયાભાઈ શિયાળને ગેરકાયદેસર રીતે નશાકારક માદક પદાર્થ સુકા ગાંજો જેનુ ચોખ્ખુ વજન ૫.૦૦૩ કિ.ગ્રા જેની કિમત રૂપિયા ૨,૫૦,૧૫૦ નો નાર્કોટીક્સ પદાર્થનો જથ્થો તથા સફેદ વિમલ પાનમસાલા લખેલ કાપડનો થેલો નંગ-૧ તથા ડીજીટલ વજન કાંટો નંગ-૧ કી.રૂપિયા ૫૦૦ મળી કુલ રૂપિયા ૨,૫૦,૬૫૦ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ તથા સુરત રહેતા અજાણ્યો આરોપી નહિ પકડાઈ જઈ ગુનો કરેલ આ બંને આરોપીઓ વિરૂધ્ધ એન.ડી.પી.એસ એકટ કલમ ૮(સી), ૨૦(બી)" (બી), ૨૯ મુજબ કાયદેસર થવા વગર પાસ પરમીટે પોતાના કબ્જામાં વેચાણ કરવા સબબ રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધાવી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# છેલ્લા દસ વર્ષથી નાસતા ફરતા રાજકોટ પંથકના આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.



(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:
અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ જિલ્લામા ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓ તેમજ નામદાર કોર્ટોના ક્રિમીનલ ટાર્ગેટ કેસોના વોરંટના આરોપીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને સૂચના આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી.વાઘેલાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે ચીફ જ્યુડી. મેજી. ધારીની કોર્ટના ક્રિમીનલ કેસ નંબર ૩૩૨/૨૦૧૫, ૩૩૩/૨૦૧૫, ૩૪૨/૨૦૧૫ એક કુલ ત્રણ ક્રિમીનલ ટાર્ગેટ કેસોના પકડ વોરંટોમાં છેલ્લા ૧૦ વર્ષથી નાસતા ફરતા રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના પાંચવડા ગામની સીમમાં રહેતા આરોપીનેમનોજભાઇ ઉર્ફે મુન્નો લાલજીભાઇ વાઘેલાને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે બાબરા તાલુકાના ખાનપર ગામની સીમમાંથી પકડી પાડી, નામ. ધારી કોર્ટ હવાલે કરવા સારૂ આગળની કાર્યવાહી થવા ધારી પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ છે.

# રાજકોટ જીલ્લામાં સી.પી.આર. અને કૃત્રિમ શ્વાસની અસરકારક સારવારથી નિષ્પ્રાણ નવજાતમાં ફરી ધબક્યું જીવન

## દેરડી કુંભાજીની ૧૦૮ બની સંજીવની; શ્રમિક પરિવારની ખુશી પરત અપાવી



રાજકોટ,
'કહેવાય છે ને કે જેને રામ રાખે તેને કોણ ચાખે..' આવું જ કંઈક હાલમાં ૧૦૮ ઈમરજન્સીની ટીમે કરી દેખાડ્યું. પરિવાર માટે બાળકના જન્મની ખુશી સૌથી અનોખી હોય છે, પરંતુ કેટલાક કિસ્સામાં જન્મ બાદ બાળક નિષ્પ્રાણ જોવા મળે છે. ત્યારે નવજાતને બચાવવાની કાબેલિયતનું ઉત્તમ ઉદાહરણ ૧૦૮ ઈમરજન્સી ટીમે પૂરું પાડ્યું છે.

આ અંગે ૧૦૮ સેવાના પ્રોજેક્ટ મેનેજર શ્રી યોગેશ જાનીએ જણાવ્યું છે કે, થોડા દિવસ પહેલા દડવા હમીરપર ૧૦૮ની ટીમે નિષ્પ્રાણ બાળકને સી.પી.આર. અને કૃત્રિમ શ્વાસ અપાવી બાળકને ફરી જીવંત કર્યું હતું. આવી જ ઘટના હાલમાં મેતા ખંભાળિયા ગામના શ્રમિક પરિવારની પ્રસૂતા મહિલાના કેસમાં જોવા મળી છે. જેમાં નવજાત બાળકના જન્મ સમયે ધબકારા બંધ જોવા મળતા ગોંડલના દેરડી કુંભાજી ગામની ૧૦૮ની ટીમ સંજીવની બની નિશ્ચેતન બાળકને નવજીવન અપાવ્યું છે.

આ અંગે વિગતે વાત કરતા શ્રી જાનીએ કહ્યું કે, મેતા ખંભાળિયા ગામથી રાત્રીના ૧:૩૦ કલાકે ૧૦૮ નંબર પર સગર્ભા મહિલાની મદદ માટે કોલ આવે છે. કોલ મળતાની સાથે જ પાયલોટ શ્રી સાગરભાઈ અને ઈ.એમ.ટી. શ્રી નિખિલભાઈ લકુમ તાત્કાલિક જણાવ્યા મુજબના સ્થળ પર પહોંચ્યા હતાં. સ્થળ પર પહોચતાં ૧૦૮ની ટીમને જાણવા મળ્યું કે, માતા પ્રેમિલાબેનની ડીલેવરી થઈ ગયેલી છે, પરંતુ આસપાસ ખુબજ સન્નાટો જોવા મળ્યો. આ અંગે કારણ તપાસતા જાણવા મળ્યું કે, નવજાત બાળકમાં કોઈ પણ હલન ચલન જોવા મળ્યું નહી, ને બાળક તદન નિષ્પ્રાણ અવસ્થામાં હતું.

પરિસ્થિતિની ગંભીરતા સમજીને શ્રી નિખિલભાઈએ બાળકને તાત્કાલિક એમ્બ્યુલન્સમાં લઈ જઈ તેના ધબકારા પાછા લાવવા માટે સી.પી.આર. આપવાનું ચાલુ કર્યું, સાથોસાથ બી.વી.એમ. દ્વારા કૃત્રિમ શ્વાસ આપવાની પ્રક્રિયા હાથ ધરી. વધુમાં માર્ગદર્શન માટે તજજ્ઞ ડો. મહેશ સાથે સતત ટેલિફોનિક સંપર્ક રાખી તેમના માર્ગદર્શન મુજબ આગળ વધતા રહ્યા. કેટલીક મિનિટોની મહેનત બાદ બાળકના શરીરમાં ચેતનાનો સંચાર થયો. બાળકના પ્રથમ રુદનના અવાજની સાથેજ એમ્બ્યુલન્સમાં હાજર સૌ લોકોએ હાશકારો અનુભવ્યો, ને તેમના પરિવારજનોની આંખમાં હર્ષના આંસુ છલકાયા.

શ્રમિક મહિલા પ્રેમિલાબેનની ૮માં મહિને જ પ્રિમેચ્યોર ડિલિવરી હોય બાળકના સ્વાસ્થ્યમાં પર આ પ્રમાણે અસર જોવા મળી હતી. ૧૦૮ ટીમે માતા પ્રેમીલાબેન અને બાળકને વધુ સારવાર્થે ગોંડલની સબ ડિસ્ટ્રિકટ હોસ્પિટલ ખાતે સુરક્ષિત રીતે પહોંચાડ્યા હતાં. ૧૦૮ ની ટીમની કાબેલિયતથી વધુ એક બાળકનું જીવન બચતા સમગ્ર પરિવાર દ્વારા ટીમનો આભાર માનવામાં આવ્યો હતો. જ્યારે ૧૦૮ પરિવાર દ્વારા પણ ઈ.એમ.ટી. શ્રી નિખિલ લકુમને અભિનંદન પાઠવવામાં આવ્યાં છે.

### ડીબીએસ બેન્ક ઈન્ડિયાએ કાલાવડ ખાતે આવેલી શાખા દ્વારા

# રાજકોટના ગ્રાહકોને એશિયાઈ નિપુણતા અને વૈશ્વિક જોડાણની સુવિધા વધુ નજીક પહોંચાડી



રાજકોટ,
ડીબીએસ બેન્ક ઈન્ડિયાએ નોવેમ સ્ક્વેર ખાતે તેની અપગ્રેડેડ કાલાવડ શાખાનું ઉદ્ઘાટન કરીને રાજકોટમાં પોતાની હાજરીને વધુ મજબૂત બનાવી છે. આ સાથે બેન્કે સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં ગ્રાહકોને વધુ સારી સેવાઓ આપવાની પોતાની પ્રતિબદ્ધતા વધુ મજબૂત કરી છે. ડીબીએસ બેન્ક ઈન્ડિયા સિંગાપોરની મજબૂત બેન્કિંગ પરંપરા, સ્થાનિક બજારની ઊંડી સમજ અને ભારતમાં ત્રણ દાયકાથી વધુ સમયથી ગ્રાહકો સાથે સ્થાપેલા વિશ્વાસપૂર્ણ સંબંધોનું અનોખું સંયોજન ધરાવે છે.ડીબીએસ બેન્ક ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર અને હેડ - કન્ઝ્યુમર બેન્કિંગ ગ્રુપ - અંબુજ ચાંદનાએ જણાવ્યું હતું કે, "ઉદ્યોગસાહસિકતા, વધતી સમૃદ્ધિ અને દેશ-વિદેશના બજારો સાથે વધતા જોડાણને કારણે રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તાર અમારા માટે એક મહત્વપૂર્ણ વિકાસ બજાર બની રહ્યો છે. જેમ જેમ સંપત્તિ સર્જનની ગતિ વધી રહી છે, તેમ ગ્રાહકો તેમની વધતી જતી આકાંક્ષાઓ અને વૈશ્વિક જીવનશૈલીને અનુરૂપ એવી અદ્યતન બેન્કિંગ અને વેલ્થ મેનેજમેન્ટ સેવાઓ શોધી રહ્યા છે, જે તેમની વ્યક્તિગત તેમજ વ્યવસાયિક બેન્કિંગની જરૂરિયાતોને પણ પૂર્ણ કરે.આ અપગ્રેડ કરાયેલી શાખા રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રના ઉદ્યોગો તથા વ્યવસાયોને વ્યાપક ફાઈનાન્સિંગ અને ટ્રાન્ઝેક્શન બેન્કિંગ સર્વિસીસ પૂરી પાડવાની ડીબીએસ બેન્ક ઈન્ડિયાની ક્ષમતાને વધુ મજબૂત બનાવે છે. તેમાં મિલકત સામે લોન (એલએપી), ઓવરડ્રાફ્ટ સુવિધા અને માઈક્રો તથા સ્મોલ એન્ટરપ્રાઈઝ માટેની ક્રેડિટ ગેરંટી ફંડ ટ્રસ્ટ (સીજીએમટીએમએસઈ) સ્કીમ હેઠળની લોનનો સમાવેશ થાય છે.

# સાવરકુંડલા રેલવે સ્ટેશનની પશ્ચિમ રેલવેના જીએમની ઓચિંતી મુલાકાત

## જીરામાં નબળું પ્લેટફોર્મ બન્યું હશે તો આકરી કાર્યવાહી થશે: જીએમ



સાવરકુંડલા:
બુધવારે સવારે પશ્ચિમ રેલવેના જીએમ ધોળા ઢસા સાવરકુંડલા રાજુલાથી પીપાવાવ ગયા હતા અને પરત ફરતી વખતે સાવરકુંડલા રેલવે સ્ટેશનની મુલાકાત લીધી હતી અને ઈન્સ્પેક્શન કર્યું હતું.

તેમણે સાવરકુંડલામાં પ્લેટફોર્મ તેમજ વેઈટિંગ રૂમ અને ટોયલેટ વગેરેનું ઝીણવટ ભર્યું નિરીક્ષણ કરી સંબંધિત અધિકારીને સૂચનાઓ આપી હતી. આ તબક્કે સાવરકુંડલા તાલુકાના જીરા રોડના નબળા પ્લેટફોર્મનો પ્રશ્ન સાંસદ ભરત સુતરીયાએ જાત નિરીક્ષણ કરી ઉઠાવ્યો હતો.

નબળું નબળું બાંધકામ થયું હોવાનું જાત નિરીક્ષણમાં સુતરીયાએ સ્વીકારી ભાવનગર ડીઆરએમ સાથે વાતચીત કરી રીપેરીંગ નહીં પણ ફરીથી નવું બનાવવાની સૂચનાઓ આપી હતી.

આ બાબતે પશ્ચિમ રેલવેના જીએમ રામાશ્રેય પાંડેને પ્રશ્ન પૂછતા તેઓએ જણાવ્યું હતું કે અમારી ટીમ ક્વોલિટી કંટ્રોલના નમુના લઈ તપાસ કરશે અને રિપોર્ટ આવ્યા બાદ આ નબળા કામ જણાશે તો કાર્યવાહી કરાશે.

# અમરેલીમાં લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)નો શપથ ગ્રહણ સમારોહ "સમર્પણ" યોજાયો





(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:
લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)નાલાયન વર્ષ ૨૦૨૬-૨૭ના નવા વરાયેલ પદાધિકારીઓનો શપથગ્રહણ સમારોહ "સમર્પણ" અમરેલીના ગજેરાપરા પટેલ વાડી ખાતે યોજાયેલ હતો.

લાયન વર્ષ ૨૦૨૫-૨૬નો સેવાકીય અહેવાલ લાયન પરેશભાઈ કાનપરીયાએ આપેલો હતો. ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજયકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, અમરેલી મતવિસ્તારના સાંસદ ભરતભાઈ સુતરીયાએ સમારોહમાં દીપ પ્રાગટય કરી લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા ગત વર્ષ દરમિયાન નિ:સ્વાર્થ ભાવથી કરવામાં આવતી વિવિધ માનવતાવાદી અને સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે સમાજસેવાના ક્ષેત્રે કલબનું યોગદાન પ્રશંસનીય અને પ્રેરણાદાયી છે. તેમણે ખાસ કરીને આજના સાંપ્રત સમયની અતિ આવશ્યક એવી સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને આરોગ્ય જાગૃતિ જેવા ક્ષેત્રોમાં વધુ વ્યાપક અને અસરકારક કામગીરી કરવા અપીલ કરી હતી, જેથી સમાજ વધુ સ્વસ્થ, સ્વચ્છ અને સમૃદ્ધ બની શકે.

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના લાયન વર્ષ ૨૦૨૬-૨૭ના નવા વરાયેલ પદાધિકારીઓમાં પ્રમુખ નરોત્તમભાઈ સાકરીયા, સેક્રેટરી દિનેશભાઈ સોરઠિયા, ટ્રેઝરર વિનોદભાઈ આદ્રોજા તેમજ કેબિનેટના સભ્યોને આગવી શૈલીમાં હોદ્દાના શપથ લેવડાવી તેમની જવાબદારીઓથી વાકેફ કરાવેલ હતાં. લાયનવાદના ત્રણ મુખ્ય આધારસ્તંભો સેવા,ભાતૃભાવના અને અસરકારક નેતૃત્વ પર વિશેષ ભાર મુકેલ હતો અને નિ:સ્વાર્થ સેવાભાવથી સમાજના અંતિમ વ્યકિત સુધી પહોંચવા શીખ આપી હતી. લાયન્સ કલબ ઓફ અમરેલી સિટીના નવા વરાયેલા પ્રમુખ લાયન નરોત્તમભાઈ સાકરીયાએ આગામી વર્ષની સેવાકીય પ્રવૃત્તિઓને વેગ સંપન્નતા બક્ષતી કલબની પરંપરાને સતત આગળ ધપાવશે તેવી મનોકામના વ્યકત કરી વ્યાપાર તેમજ સમાજની સાથોસાથ લાયનવાદના ઉદ્દેશો અને ધ્યેયને પાર પાડવામાં દરેક લાયન્સ મિત્રોને વર્ષ દરમિયાન ઓછામાં ઓછો એક સેવાકીય પ્રોજેકટ આપી લાયનવાદની જયોતને વધુ પ્રજવલિત કરી સમાજના તમામ સ્તરને ઉપયોગી થવા અપીલ કરી હતી.

લાયન વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન થયેલ કલબની વિશિષ્ટ કામગીરીમાં સહયોગ આપવા બદલ સુદર્શન નેત્રાલયના કિર્તીભાઈ ભટ્ટ, ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડિયા, મંત્રી બટુકભાઈ સોળીયા, ભૂરખીયા હનુમાનજી ટ્રસ્ટના હરજીભાઈ નારોલા તેમજ સદગુરૂ કબીર સેવા ટ્રસ્ટ સાવરકુંડલાના મહંત નારાયણ વતી વિશાલભાઈ વ્યાસનું સવિશેષ સન્માન કરવામાં આવેલ હતું.

સમારોહમાં મહેમાનોમાં સાવરકુંડલા માર્કેટીંગ યાર્ડના ચેરમેન દિપકભાઈ માલાણી, સારહી યુથ કલબના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, પરિવર્તન ટ્રસ્ટના પ્રમુખ શરદભાઈ ધાનાણી, અમરેલી જિલ્લા આહીર સમાજનાપ્રમુખ જીતુભાઈ ડેર, દામનગર માર્કેટિંગ યાર્ડના ચેરમેન હરજીભાઈ નારોલા, ગાયત્રી સંસ્કારધામ ચલાલાના મહેશભાઈ મહેતા, અગ્રણી ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવા, રીજીયન ચેરપર્સન કૌશિકભાઈ હપાણી, અમરેલી જિલ્લા મધ્ય્ય સહકારી બેંકના જનરલ મેનેજર બી.એસ. કોઠીયા, ડો. પી.પી. પંચાલ, એકિઝક્યુટિવ ડિસ્ટ્રિકટ સેક્રેટરી પરેશભાઈ કાનપરિયા, માઈક્રો કેબિનેટ ડિસ્ટ્રીક ચેરપર્સન, લાયન કાંતિભાઈ વઘાસીયા વિગેરેએ નવનિયુક્ત ટીમને શુભેચ્છા પાઠવી વધુમાં વધુ માનવતાવાદી સેવાકીય પ્રવૃત્તિઓને સમાજના નિમ્ન વર્ગ સુધી પહોંચાડવા અપીલ કરી હતી અને લાયન્સ પરિવારની નિસ્વાર્થ સેવા પરાયણ પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

# રાજકોટના જામનગર રોડ પુત્રની નજર સામે જ માતાનું ટ્રક હેઠળ કચડાઈ જતાં કમકમાટીભર્યું મોત

## ટ્રક અડફેટે ચડેલું સ્કૂટર બાઈક સાથે ટકરાતા ઉછળ્યુ હતું : સ્કુટર ચાલક ઈમિટેશનના ધંધાર્થીને ગંભીર ઈજા



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

રાજકોટના જામનગર રોડ પર રૂડા બિલ્ડીંગ પાસે ટ્રક ચાલકે સ્કુટરને ઠોકરે ચડાવતાં સ્કુટર બાઈક સાથે અથડાયું હતું અને બાઈક સ્વાર મહિલા ઉછળીને ટ્રકના તોતીંગ વ્હીલ નીચે પટકાઈ હતી. ટ્રકના તોતીંગ વ્હીલ મહિલા પર ફરી વળતા પુત્રની નજર સામે જ જનેતાનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. જ્યારે સ્કુટર ચાલક ઈમિટેશનના ધંધાર્થીને ગંભીર ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. ઘટનાને પગલે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતાં. અકસ્માત સર્જી ચાલક ટ્રક મુકી નાસી છુટયો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રાજકોટમાં આવેલા ગાયકવાડી શેરી નં.૫માં રહેતાં સહેનાઝબેન ઈમ્તીયાઝભાઈ દલ (ઉ.૪૨) પોતાના પુત્ર સમીર ઈમ્તીયાઝભાઈ દલ (ઉ.૩૦)ના બાઈક પાછળ બેસી જામનગર રોડ પર આવેલ રૂડા બિલ્ડીંગ પાસેથી પસાર થઈ રહ્યા હતાં ત્યારે પાછળથી પુરપાટ ઝડપે માતેલા સાંઢની માફક ધસી આવેલા જી.જે.૩ બી.વાય.૧૧૪૧ નંબરના ટ્રક ચાલકે આગળ જઈ રહેલા સ્કુટર ચાલક સુમીતભાઈ ગોરધનભાઈ કોઠીયા (ઉ.૪૫)ને હડફેટે લીધા હતાં. સુમીતભાઈ કોઠીયાએ ડ્રાઈવીંગ પરનો કાબુ ગુમાવતાં સ્કુટર માતા-પુત્રના બાઈક સાથે અથડાયું હતું. અકસ્માત સર્જાતા સહેનાઝબેન દલ દડાની માફક ફંગોળાઈને રોડ પર પટકાયા હતાં.

તે દરમિયાન ટ્રકના પાછળના જોટામાં આવી જતાં સહેનાઝબેન દલ પર ટ્રકના તોતીંગ વ્હીલ ફરી વળ્યા હતાં.

અકસ્માતના પગલે લોકોના ટોળા અને પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. જીવલેણ અકસ્માત સર્જી ટ્રક ચાલક નાસી છુટયો હતો. એકઠા થયેલા લોકોએ તાત્કાલીક ૧૦૮ને જાણ કરતાં ૧૦૮ની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. ૧૦૮ના ઈએમટીએ જોઈ તપાસી સહેનાઝબેન દલને નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં માતમ છવાયો હતો. જ્યારે સ્કુટર ચાલક ઈમિટેશનના ધંધાર્થી સુમિતભાઈ કોઠીયાને બેભાન હાલતમાં તાત્કાલીક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં.

પ્રાથમિક પુછપરછમાં મૃતક સહેનાઝબેન દલના પતિ હયાત નથી. સહેનાઝબેનને સંતાનમાં એક પુત્ર સમીર છે. સહેનાઝબેન દલ હોસ્પિટલમાં ભવાની સિકયોરિટી એજન્સીમાં નોકરી કરતાં હતાં.સહેનાઝબેન દલને પુત્ર સમીર દલ બાઈકમાં બેસાડી નોકરી પર મુકવા જતો હતો. જ્યારે કુવાડવા રોડ પર શાનદાર રેસીડેન્સીમાં રહેતાં અને આર્યનગરમાં ઈમિટેશનનું કારખાનું ધરાવતાં સુમિતભાઈ કોઠીયા પોતાનું સ્કુટર લઈ રૂડા બિલ્ડીંગ પાસેથી પસાર થઈ રહ્યા હતાં તે દરમિયાન માતેલા સાંઢની માફક ધસી આવેલા ટ્રક ચાલકે સુમિતભાઈ કોઠીયાના સ્કુટરને ઠોકર મારી હતી.

જેથી સ્કુટર બાઈક સાથે અથડાયું હતું. જે અકસ્માતમાં બાઈક સવાર સહેનાઝબેન દલ ઉછળીને ટ્રકના તોતીંગ વ્હીલ નીચે પટકાતા મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે ગંભીર રીતે ઘવાયેલા સ્કુટર ચાલક સુમિતભાઈ કોઠીયા બે ભાઈમાં નાના છે અને તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે.અકસ્માત સર્જી નાસી છુટેલા ટ્રક ચાલકને ઝડપી લેવા પોલીસે ચક્રોગતિમાન કર્યા હતાં.

# રાજકોટના આણંદપર બાઘી પાસે બાઈકચાલક યુવાનનું મોત

### ૧૫ દિવસ પૂર્વે જ ખેતી વાડી વાવવા આવેલા દહીસરાના યુવાનને કાળ ભેંટી ગયો



રાજકોટ,

મુળ જસદણના દહિસરા ગામના વતની અને પંદર દિવસ પૂર્વે જ રાજકોટના આણંદપર બાધી ગામે ખેતી વાવવા આવેલો યુવાન પોતાનું બાઈક લઈ ગામમાં જઈ રહ્યો હતો ત્યારે અજાણ્યા વાહન ચાલકે ઠોકરે ચડાવતાં અકસ્માત સર્જાયો હતો. હિટ એન્ડ રનની ઘટનામાં ઘવાયેલા યુવકનું મોત નિપજતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રાજકોટ નજીક આવેલા કોઠારીયા અને આણંદપર બાઘી ગામ વચ્ચેથી અકસ્માત સબબ ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવેલા હાર્દિક મુકેશભાઈ માલકીયા નામના ૨૧ વર્ષના યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જયાં તેમનું મોત નિપજતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.

પ્રાથમિક પુછપરછમાં મૃતક હાર્દિક માલકીયા મુળ જસદણના દહિસરા ગામનો વતની હતો અને છેલ્લા ૧૫ દિવસથી આણંદપર બાઘી ગામે વાડી વાવવા રાખી હતી. યુવાન કામ સબબ બાઈક લઈ ગામમાં જઈ રહ્યો હતો ત્યારે અજાણ્યા વાહન ચાલકે ઠોકરે ચડાવતાં જીવલેણ અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે.

# રાજકોટમાં બપોરે અષાઢી બિજનું થોડુ મુહુર્ત સાચવતા મેઘરાજા

### વિવિધ વિસ્તારમાં ઝાપટા પડયા જો કે, ફરી તડકો - છાંયડો યથાવત



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ

રાજકોટ શહેરમાં તાજેતરમાં ભીમ અગિયારસ કોરી ગયા બાદ આજરોજ અષાઢીબીજનું થોડુ મુહુર્ત મેઘરાજા એ સાચવ્યુ હતુ અને બપોરે એકાદ વાગ્યા બાદ શહેરનાં જુદા-જુદા વિસ્તારોમાં થોડી મિનિટો માટે વરસાદી ઝાપટા વરસી ગયા હતા. જો કે, બપોરે બે વાગ્યાથી ફરી ઝડપી પવન સાથે તડકા-છાંયડાભર્યુ હવામાન છવાઈ ગયુ હતું.ઉલ્લેખનીય છે કે, ગઈકાલે પણ શહેરમાં બપોરે ૧૨ વાગ્યા આસપાસ લોકલ ફોર્મેશનનાં કારણે ઝાપટાથી માંડી ૦? ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. બાદ આજે પણ ફરી બપોરે થોડી મીનીટો માટે જુદા-જુદા વિસ્તારોમાં વરસાદી ઝાપટા વરસ્યા હતા. આજે અષાઢીબીજ હોય બપોરે વરસાદ આવતા લોકોને આશા બંધાઈ હતી.જયારે આજે સવારે ૮.૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૨૮.૮ અને લઘુતમ તાપમાન ૨૫.૨ ડિગ્રી નોંધાયું હતું તથા સવારે હવામાં ભેજ ૮૧ ટકા રહ્યો હતો અને પવનની સરેરાશ ઝડપ ૮ કી.મી. રહેવા પામી હતી.દરમ્યાન જામનગરમાં મેઘાવી માહોલ વચ્ચે મહતમ તાપમાન એક ડીગ્રી ગગડયુ હતુ અને પારો ૩૫ ડીગ્રી પર સ્થિર થયો હતો જયારે લઘુતમ તાપમાનનો પારો સતત ત્રીજા દિવસે પણ ૨૮ ડીગ્રી રહ્યો હતો. શહેરમાં સમયાંતરે આકાશમાં વાદળોનો જમાવડો જોવા મળ્યો હતો. જો કે, મોડીસાંજ સુધીમાં કોઈ નોંધપાત્ર વરસાદ પડયો ન હતો

# રાજકોટના હરિધવા રોડ પર થાર ત્રણ કાર સાથે ટકરાયાં બાદ વીજ થાંભલાને ઉલાળ્યો

### 'થાર' કારના ચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો : જાનહાનિના ટળી



રાજકોટ,

રાજકોટ શહેરના હરિધવા માર્ગ પર આજે નવનીત હોલ પાસે પૂરપાટ ઝડપે આવી રહેલી એક 'થાર' કારના ચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર, થાર ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવીને રસ્તા પર રહેલા વીજ થાંભલાને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે થાંભલો ક્ષતિગ્રસ્ત થયો હતો.એટલું જ નહીં, આ અકસ્માતમાં રસ્તા પર પાર્ક કરવામાં આવેલી ત્રણ કારને પણનુકસાન પહોંચ્યું છે. અકસ્માતની જાણ થતા જ વિસ્તારમાં અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક અસરથી ઘટના સ્થળે પહોંચીને ટ્રાફિક ક્લિયર કરવાની અને સુરક્ષા વ્યવસ્થાની કામગીરી હાથ ધરી છે. વીજ થાંભલાને નુકસાન થતા કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય તે માટે પીજીવીસીએલના કર્મચારીઓ પણ ઘટના સ્થળે પહોંચી ગયા છે અને સમારકામની કામગીરી શરૂ કરી છે.સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિના અહેવાલ નથી, પરંતુ વાહનોનું મોટું નુકસાન થયું છે. સ્થાનિક પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે

# રાજકોટના પોલીસ હેડક્વાર્ટરમાં વાયરિંગ કરતાં યુવકનું વીજશોકથી મોત

### નવનિર્મિત ફાયફલ શૂટિંગ વિભાગમાં મોડી રાતનો બનાવ : પરિવારમાં શોક



રાજકોટ,

રાજકોટ શહેરમાં પોલીસ હેડ ક્વાર્ટરમાં નવનિર્મિત ફાયફલ શૂટિંગ વિભાગમાં મોડી રાત્રે ઈલેક્ટ્રીક કામ કરતા યુવકને વીજશોક લાગતા બેભાન હાલતમાં ઢળી પડ્યો હતો યુવકનું મોત નીપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા ગોવિંદનગરમાં રહેતા પાર્થ મનસુખભાઈ ચૌહાણ નામનો ૨૫ વર્ષનો યુવાન પોલીસ હેડ ક્વાર્ટરમાં નવનિર્મિત રાયફલ શૂટિંગ વિભાગમાં રાત્રિના બે વાગ્યાના અરસામાં ઈલેક્ટ્રીક કામ કરતો હતો તે દરમિયાન વીજશોક લાગતા બેભાન હાલતમાં ઢળી પડ્યો હતો. યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી પાર્થ ચૌહાણને નિષ્પ્રાણ જાહેર કરતા પરિવાર અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક પાર્થ ચૌહાણ મૂળ પોરબંદરના ગોરાણા ગામનો વતની હતો. પાર્થ ચૌહાણ બે ભાઈ એક બહેનમાં વચ્ચેટ અને અપરણિત હતો વર્ષોથી રાજકોટમાં રહેતા પાર્થ ચૌહાણના પિતા મનસુખ ચૌહાણ ફર્નિચરનું કામ કરે છે જ્યારે પાર્થ ચૌહાણ ઈલેક્ટ્રીક કામ કરતો હતો પોલીસ હેડ ક્વાર્ટરમાં નવનિર્મિત રાયફલ શૂટિંગ વિભાગમાં મધરાત્રે પાર્થ ચૌહાણ ઈલેક્ટ્રિક કામ કરતો હતો ત્યારે વીજશોક લાગતા મોત નીપજયુ હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પ્ર.નગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં વેપન કાર્ટેલ' ના બનાવમાં હથિયારોને કુલ આંક ૨૪ પર પહોંચ્યો

### વધુ ત્રણ સાગરીતો પાસેથી ૩ દેશી પિસ્તોલ જપ્તઃ અત્યાર સુધીમાં કુલ ૧૧આરોપીઓ અને ૩૨ જીવતા કારતૂસ મળ્યા

રાજકોટ,

રાજકોટ શહેરમાં રથયાત્રા પૂર્વે કાયદો અને



તસવીર : દિલિપ ગોહેલ

વ્યવસ્થાની સ્થિતિ ચુસ્ત જળવાઈ રહે, તેમજ કોઈ પણ પ્રકારનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા ગુન્હાખોરી ડામવા અને કડક પગલાં લેવા ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે રાજકોટ શહેર પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ (પીસીબી) દ્વારા ગેરકાયદેસર હથિયારોનું વેચાણ કરતી કુખ્યાત "વેપન કાર્ટેલ" પર સકંજો કસવામાં આવ્યો છે. આ ઓપરેશન અંતર્ગત પોલીસે વધુ ત્રણ ઈસમોને ૩ દેશી બનાવટની પિસ્તોલ સાથે દબોચી લીધા છે. અગાઉ પકડાયેલા આરોપીની પૂછપરછમાં થયો ખુલાસો થયો છે.

પીસીબીના પી.આઈ એમ.આર. ગોંડલીયાના સીધા માર્ગદર્શન હેઠળ ટીમે અગાઉ ગેરકાયદેસર હથિયારોના મોટા નેટવર્કનો પર્દાફાશ કરી ૮ આરોપીઓને ૨૧ હથિયારો અને ૩૨ જીવતા કારતૂસ સાથે ઝડપી લીધા હતા. આ તપાસ દરમિયાન પકડાયેલા આરોપી પ્રદિપભાઈ અનકભાઈ કરપડાની આકરી પૂછપરછ કરતાં તેણે કબૂલાત કરી હતી કે, તેણે અગાઉ અન્ય ત્રણ ઈસમોને ગેરકાયદેસર દેશી બનાવટના હથિયારો વેચ્યા હતા. આ બાતમીના આધારે પીસીબીની ટીમે ત્વરિત કાર્યવાહી કરીને ધ્રુવ ઉર્ફે કનૈયો સુનીલગીરી ગૌસ્વામી (ઉ.વ. ૨૧, રહે. હુડકો ચોકડી, રાજકોટ), જયરાજ ઉર્ફે લાલો પીઠુભાઈ ખાચર (ઉ.વ. ૩૪, રહે. ખેરડી, ચોટીલા) અને શ્યામ રાજુભાઈ પરમાર (ઉ.વ. ૨૧, રહે. ચોટીલા)ની ધરપકડ કરી હતી. પકડાયેલા ત્રણેય આરોપીઓ પાસેથી રૂ.૩૦,૦૦૦ ની કિંમતની ૩ નંગ દેશી પિસ્તોલ કબજે કરી છે. આરોપીઓ પૈકી જયરાજ ઉર્ફે લાલો ખાચર નામનો શખ્સ રીઢો ગુનેગાર હોવાનું સામે આવ્યું છે. તેની સામે અગાઉ રાજકોટ બી-ડિવિઝન, મૂળી, વાંકાનેર અને મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં હત્યા , હત્યાનો પ્રયાસ , રાયોટિંગ, એટ્રોસિટી એક્ટ તેમજ પ્રોહિબિશન હેઠળના ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂકેલા છે.

પીસીબી ની ટીમે ગેરકાયદેસર હથિયારોના રેકેટ ઉપર પ્રહાર કરી અત્યાર સુધીમાં આ "વેપન કાર્ટેલ" ના કુલ ૧૧ સાગરીતોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે અને તેમની પાસેથી કુલ ૨૪ દેશી બનાવટના હથિયારો તેમજ ૩૨ નંગ જીવતા કારતૂસ જપ્ત કરવામાં સફળતા મેળવી છે.

આ કામગીરી પી.સી.બી.ના પી.આઈ એમ.આર.ગોંડલીયા સાતે પીએસઆઈ પી.બી.ત્રાજીયા, પીએસઆઈ આર.કે.જાડેજા, એ.એસ.આઇ. મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, રાહુલગીરી ગૌસ્વામી, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, પ્રદીપસિંહ સરવૈયા , યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે અને જયેશભાઇ ગઢવીએ કરી હતી.

# રાજકોટના કુવાડવા ગામે પત્ની પર પતિનો ખાટલાના પાયા વડે હુમલો :

### ફોનપર વાત કરતી વેળાએ રાડારાડી કરતા પતિને ટપારતા ફટકારી

રાજકોટ,

રાજકોટના કુવાડવા ગામે રહેતી પરિણીતાને પતિએ ખાટલાના પાયા વડે માર માર્યો હતો. ફોનમાં વાત કરતી વેળાએ પતિએ રાડારાડી શરૂ કરી હતી. જેથી દેકારો નહિ કરવા સમજાવવા ગયેલી પત્ની પર પતિ તૂટી પડ્યો હતો. જે મામલે કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધ્યો હતો. કુવાડવા ગામે રહેતી ૪૦ વર્ષીય પરિણીતાએ જોષનાબેન લામ્કાએ આરોપી તરીકે પતિ દિલીપ નારણભાઈ લામ્કાનું નામ આપી જણાવ્યું હતું કે, તેમને સંતાનમાં ચાર દિકરીઓ તથા એક દિકરો છે.ગઈકાલે બપોરના ત્રણ વાગ્યે તેણી ઘરે હતી. ત્યારે પતિ દિલીપભાઈ બહારથી આવી જમવા બેસેલ હતા. તેમના ફોનમાં કોઈનો ફોન આવતા તેઓએ ફોન ઉપાડી જેમતેમ રાડો દેકારો કરતા હોય જેથી તેમને રાડો દેકારો કરવાની ના પાડતા પતિ ગાળો આપવા લાગેલ હતા. તેમને સમજાવવાની કોશિશ કરતા તેમણે ઘરમાં રહેલ લાકડાના ખાટલાના પાયા વડે માથાના ભાગે કપાળ પર ઘા મારેલ હતો. બીજો ઘા મને ડાબા પગના પંજાના ભાગે મારેલ હતો. જે મામલે પરિણીતાએ તેના ભાઈ સાથે કુવાડવા પોલીસ મથકે દોડી જઈ પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી કરી હતી.